Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ગાંધીજીનું અહિંસક પ્રત્યાયન

ડૉ.મનોજકુમાર પટેલ
સંશોધક, મો.૯૬૬૨૧૪૯૯૮૫, Email: patelmanoj333@gmail.com

## સારાંશ

આ લેખમાં ગાંધીજીનું જીવન, કવન અને તેમના પ્રવૃત્તિક્ષેત્રના આધારે અહિંસક પ્રત્યયાનને તારવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.આ પ્રત્યાયન મહત્તમપણે વિભિન્ન ધર્મો અને જાતિઓ મધ્યે સદભાવના સ્થાપવામાં સમર્થ જણાય છે. પ્રાચીન અને અર્વાચીન પ્રત્યાયનકારોમાંથી કોઈપણ પ્રત્યાયનકાર તે કહી શકવા સમર્થ નથી કે, તેના પ્રત્યાયનમાં અહિંસક પ્રવચનો, કાર્યો અને સંબંધો કેન્દ્રસ્થાને રહેલા છે. ગાંધીજીનું જીવન, કાર્યો, રચનાઓ અને અહિંસા પર તેમના વિચાર અહિંસક પ્રત્યાયનમાં મહત્વનો ફાળો આપે છે. ગાંધીજીએ ક્યારેય એમ નથી કહ્યું કે,તેમની પાસે કોઈ અહિંસક પ્રત્યાયન છે. હકીકતમાં તેઓએ કોઈ વિચારક કે સિદ્ધાંતવાદી હોવાનો અસ્વીકાર કર્યો છે. તેઓ એક કાર્યકર્તા હતા. તેમના અહિંસક પ્રત્યાયનમાં ચાર એકમ સામેલ છે: (૧) અહિંસક પ્રવચનો અને પ્રવૃત્તિઓ, (૨) સબંધોની જાળવણી અને વ્યક્તિત્વ સંવર્ધન, (૩) ખુલ્લાપણું અને (૪) લચીલાપણું. આ એકમોને વધારે આગળ લઇ જવા માટે ગાંધીજીએ ભવિષ્યવાણી કરી હતી કે, હિંસક પ્રત્યાયન નુકશાનની પરિણતી હશે, જયારે અહિંસક પ્રત્યાયન શાંતિપૂર્ણ સબંધોની જાળવણી અને વ્યક્તિત્વનો વિકાસ હશે. અહિંસક પ્રત્યાયન અંતિમને પ્રાપ્ત કરવાના સાધનની ભલામણ કરે છે. અહિંસક પ્રત્યાયનની વ્યાપક ઉપયોગીતા શાંતિપ્રવર્તકો માટે એ બાબત પર વિચાર કરવા હેતુ ઉપયોગી જણાઈ આવે છે કે, પ્રત્યાયન અહિંસાના મહત્વને જોમ પ્રદાન કરે છે.

**ચાવીરૂપ શબ્દો**:: ગાંધીજી, અહિંસક પ્રત્યાયન, અહિંસક પ્રત્યાયનની પદ્ધતિઓ.

## એક અવલોકન

ગાંધીજીના અહિંસક પ્રત્યાયનને સમજવા માટે તેમના જીવનભરના અહિંસક પ્રવચનો અને પ્રવૃતિઓને પ્રત્યાયનના સંદર્ભમાં મૂલવીને સમજી શકાય. ગાંધીજીના વિચારો, તેમના જીવન અને કાર્યોમાંથી કેટલાયને વ્યાખ્યાત્મક, વર્ણનાત્મક, ભવિષ્ય ભાખનારાં અને પ્રત્યાયનને નિયંત્રિત કરવાના સંદર્ભમાં જોઈ શકાય છે. ગાંધીજીએ હિંસક અને અહિંસક પ્રત્યાયન વિશે પોતાના વિચારોનું વર્ણન કર્યું છે. તેમણે હિંસક અને અહિંસક પ્રત્યાયનનાં પરિણામોની ભવિષ્યવાણી કરી અને તેમણે ભલામણો કરી કે, અહિંસાનું પાલન કરનારાઓ પોતાના પ્રત્યાયનને નિયંત્રિત કરે છે.ગાંધીજીનુ અહિંસક પ્રત્યાયન ચાર રીતે કામ કરતું જોવા મળે છે: (૧) અહિંસક પ્રવચનો અને કાર્યો, (૨) સંબંધોની જાળવણી અને વ્યક્તિત્વ સંવર્ધન, (૩) ખુલ્લાપણું અને (૪) લચીલાપણું. ગાંધીજીનું અહિંસક પ્રત્યાયન વ્યાપક સંદર્ભમાં જોવા મળે છે. તેમાં આંતરવૈયક્તિક પ્રત્યાયન સંદર્ભ, નાનાં અને મોટા જૂથોનો પ્રત્યાયન સંદર્ભ અને સમૂહ અથવા આંતરરાષ્ટ્રીય પ્રત્યાયન સંદર્ભનો સમાવેશ થાય છે.

**અહિંસક પ્રવચનો અને પ્રવૃત્તિઓ**

ગાંધીજીએ હિંસક પ્રવચનો અને કાર્યોના વિરુદ્ધમાં વારંવાર ચેતવણી આપેલ છે. આ પ્રકારના પ્રવચનો અને કાર્યોનું તેમની દ્રષ્ટિએ કોઈ પ્રયોજન નથી. તેમણે તેમના અનુયાયીઓ અને સાથીદારોને અહિંસક પ્રવચનો અને કાર્યો કરવા માટે પોતાની ભૂમિકાઓમાં સત્યાગ્રહ અભિયાનનો આગ્રહ રાખ્યો હતો. સત્યાગ્રહીઓને સલાહ આપી હતી કે, તેઓ કોઈને પીડશે નહિ , કડવાહટ ફેલાવશે નહિ અને અપમાનજનક તથા અનુચિત ભાષા પ્રયોગથી દૂર રહેશે. ગાંધીજીએ સત્યાગ્રહીઓ માટે બનાવેલા નિયમોમાં એ આગ્રહ રાખ્યો હતો કે, સત્યાગ્રહીને કોઈને મન, કર્મ અને વચનથી ઈજા પહોંચાડવાની અનુમતિ નથી. અહિંસક અને સત્યાગ્રહની ઝુંબેશમાં જે લોકો સત્યાગ્રહ પાલનના સોગંદ લે તેમને રાખવા અને ન લે તેમને કાઢી મુકવા. સત્યાગ્રહ અને અહિંસક અભિયાન દરમિયાન જે સત્યાગ્રહીઓ અંગ્રેજ સરકારના અધિકારીઓનું અપમાન અને અવગણના કરે તેમને બહાર કાઢી મુકવા. અંગ્રેજ અધિકારીઓની પોતાના જીવના જોખમે પણ રક્ષા કરવી. સત્યાગ્રહીઓએ ખરાબ ઇચ્છનારાઓને નીચાજોણું કરાવવું નહીં. વિરોધીઓ પ્રત્યે કડવાહટ ન રાખવી. પ્રતિકૂળતાઓને અનુકૂળ થવું. ગાંધીજીનું માનવું હતું કે, હિંસા પ્રવચનોના રૂપમાં જોવા મળે છે. તેથી સત્યાગ્રહીઓએ તેમાં કડવાપણું ન શોધવુ અને ભાષામાં હિંસા ન શોધવી. જો સત્યાગ્રહી કોઈના વિશે વગર વિચારે અભદ્ર અને નિર્દયી શબ્દો અથવા વાક્યો વાપરે તો તેને તે દરેક નિર્દયી શબ્દો અથવા વાક્યો માટે માફી માગવાનો આગ્રહ રાખવો. આસિવાય પણ ગાંધીજીએ સત્યાગ્રહીઓને સૂચના આપી હતી કે,જો સત્યાગ્રહીઓને કોઈ પણ બાબતમાં અસહયોગ હોય તો તે વિશે જૂઠું ન બોલવું જોઈએ. જે હોય તે સ્પષ્ટ કહેવાનો આગ્રહ રાખવો જોઈએ.

એવી ઘણી બધી વાહીકાઓ હતી કે, જેના દ્વારા ગાંધીજીએ હિંસક અને અહિંસક પ્રવચનો તથા કાર્યો વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે પોતાના એક મિત્રને લખેલા પત્રમાં હિંસક અને અહિંસક પ્રવચનો વિશે પોતાના વિચારો જણાવતાં સ્પષ્ટપણે કહ્યું હતું કે, હિંસા મતલબ કે શારીરિક ક્રિયા અથવા પ્રવચન વડે અથવા વિચાર વડે કોઈ જીવને નુકસાન પહોચાડવું. અહિંસક આ રીતે કોઈ પણ જીવને નુકસાન પહોંચાડતો નથી. એક અન્ય ઉદાહરણમાં ગાંધીજીએ સત્યાગ્રહના આલોચકો સાથેના વિચારવિમર્શ સંદર્ભે હરીજન અખબારના એક તંત્રી લેખમાં જણાવ્યું હતું કે, મારે સંવાદદાતાઓને એ પણ યાદ દેવડાવવું જોઈએ કે, સત્યાગ્રહ શબ્દ ઘણીબધીવાર સૌથી વધારે ઉપયોગમાં લેવામાં આવે છે, અને તેને હિંસાને ઢાંકવા માટે નિર્મિત કરવામાં આવ્યો છે. એક લેખકના રૂપમાં આ શબ્દ વિશે મને એ કહેવાની અનુમતી આપી શકાય કે, આ હિંસાના પ્રત્યેક રૂપને સામેલ કરે છે-પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષને, દ્રશ્ય અથવા અદ્રશ્યને- શબ્દો અને વિચારોમાં. તેથી ગાંધીજી અહિંસક પ્રવચનો અને કાર્યો વિશે તેમનો વિરોધ કરનારાઓને પણ સ્વીકારતા તથા તેમને વાજબી કારણો આપીને હરાવતા પણ ખરા. તેમણે લખ્યું હતું કે, 'હિંસા કોઈ પણ આકાર અથવા રૂપમાં પછી તે વિચાર,પ્રવચન કે લેખિત રૂપમાં હોય, તેની સામે સફળ સત્યાગ્રહ અભિયાન કરવું જોઈએ.'

ગાંધીજી ઘણીબધીવાર સત્યાગ્રહ અભિયાનમાં સામેલ જુદા જુદા લોકોને મળીને તેમને સત્યાગ્રહ વિશે સમજાવતા.તેમાંય તેમણે ખાસ મહત્વપૂર્ણ લોકોને લક્ષિત કર્યા હતા. તેમણે એક પ્રવચન દરમિયાન કોંગ્રેસના સભ્યોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે,'આપણાં પ્રવચનોમાં

ઘણાબધા અંશે આપણા વ્યવસાય પર વિશ્વાસ કરવામાં આવે છે. આ બેઠક વહીવટીય પ્રક્રિયાઓને સુધારવાના સંદર્ભમાં હતી, જ્યારે ગાંધીજી ચિંતિત હતા કે, જેમણે પ્રવચનને બગાડવાનો પ્રયત્ન કર્યો હતો તેમના સંદર્ભમાં પ્રવચન કરવામાં આવ્યું હતું. 'ગાંધીજીએ તેને કોંગ્રેસના સભ્યો માટે અનુચિત માન્યું હતું. એક અન્ય પ્રસંગે ગાંધીજીએ કહ્યું હતું કે, ‘શબ્દ અને કાર્યમાં આપણી હિંસા, એ આપણામાં વિચારના વધતા અવાજનો એક પ્રતિધ્વનિત પડઘો છે.’

ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે, અહિંસક જીવન જીવવું ભારે મુશ્કેલ છે. જ્યારે તેમને પૂછ્યું કે, તેઓ અને અન્યો પ્રતિદ્વંદીઓને આ વાત સમજાવવામાં નિષ્ફળ રહ્યા હતા ખરા? ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે,‘હા નિષ્ફળતાઓ મળી હતી. કેટલાક જોડે કશું જ અહિંસક નહોતું. ભાષા બાબતે પોતાના વિરોધીઓ પ્રત્યે અસહમત હતા.’ગાંધીજીએ દાવો કર્યો હતો કે,‘મેં મારી ભાષાને કાબુમાં કરી હોઈ શકે, પરંતુ મેં બીજાઓના પ્રવચનો પર આ પ્રકારનો કાબુ કર્યો નથી.’ ગાંધીજીએ પોતાના પર ધ્યાન રાખવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ પ્રવચનો અને પોતાની ઈચ્છાઓ પર સચોટ ઉતરવામાં કેટલીકવાર અસમર્થ જણાતાં પોતાને જકડી લેતા. ગાંધીજીની હત્યા વખતે કોંગ્રેસના એક સભ્યએ કહ્યું હતું કે, ગાંધીજી અહિંસાના પ્રયોગો અને નીહિતાર્થો બાબતે ભૂલ ભરેલા હતા. ગાંધીજીએ અધિકૃતપણે સ્વીકાર્યું હતું કે, ઉપહાસ અને નિર્દયી હુમલાઓને ઉજાગર કર્યા હતા. તેનું પરિણામ હતું, અન્યાયપૂર્ણ અને કમજોર બાબતો. તેમ છતાં તેમણે કહ્યું હતું કે, તેમની કમજોરી એક દુર્ઘટના હતી. તેનો પ્રવેશ તેમનાં પ્રવચનો અને કાર્યો પર નજર રાખવાની નિષ્ફળતાના રૂપમાં જોઇ શકાય છે. ગાંધીજી આ મુશ્કેલીને દૂર કરવી વાજબી સમજતા હતા. કેમ કે, અહિંસક પ્રવચનો સંદર્ભે લોકોએ નવી રીતભાતો બનાવવાની કોશિશો કરી હતી. તેમણે આ વાત ત્યાં સુધી કહેવાની ચાલુ રાખી હતી કે, જ્યાં સુધી તેમાંથી જડતા દૂર ન થાય. ગાંધીજીએ અહિંસક પ્રવચનો પરની નવી રીતભાતો પર આગળ વધવામાં મુશ્કેલીઓનો સ્વીકાર કર્યો હતો. તેમ છતાં તેમણે તેનું પાલન કરનારાઓને મદદ કરવાનું ચાલુ રાખ્યું હતું.

ગાંધીજીએ હિંસક પ્રવચનો અને કાર્યોનાં વિશિષ્ટ ઉદાહરણો આપ્યાં હતાં.તેમણે કહ્યું હતું કે,‘આપણે આપણામાં રહેલા મનમોટાવ અને ઈર્ષાથી મુક્ત થવું પડશે.’ ગાંધીજી માનતા હતા કે, વિરોધીઓને ગાળો દઈને હરાવવા એ વાજબી નથી. તેમણે અસહિષ્ણુતાના કઠોર સંકેતો આપ્યા હતા. આ અહિંસક પ્રત્યાયનમાં ભારતીય કોંગ્રેસના કાર્યકરોએ ભાગ લીધો હતો અને તેમને પોતાના આવા અભિયાનોમાં સામેલ કર્યા હતા.

ગાંધીજી કાર્યકરોનાં હિંસક પ્રવચનો અને કાર્યોથી તથા તેમના પ્રભાવો અને આરોપોથી ચિંતિત હતા. આ સંદર્ભે તેમણે કહ્યું હતું કે ,‘આપણે એકબીજા સાથેના વ્યવહાર હિંસા સાથે પાર પાડીએ છીએ. આપણે આપણી સમિતિઓમાં એક બીજાઓ સાથે ઝઘડો કર્યો છે. આપણે કાર્ય સમિતિનાં સૂચનોને પૂર્ણ કરવાનો ઇનકાર કર્યો.આપણી પાસે સત્તા હસ્તગત કરવા માટે પ્રતિદ્વંદી સમૂહ રાહ જોઈ રહ્યો છે.’

ગાંધીજી અનુસાર, કોંગ્રેસને વધારે વિશ્વસનીય બનતી રોકવામાં હિંસક પ્રવચનો અને કાર્યોનો ફાળો છે. ગાંધીજી માનતા હતા કે, હિંસક પ્રવચનો અને કાર્યોના ઉપયોગે આપણા અહિંસક વ્યવહારને મજાક બનાવીને ઓછો કરી નાખ્યો. ગાંધીજીએ કોંગ્રેસને આગ્રહ કર્યો હતો કે, સ્વતંત્રતાનું લક્ષ્ય ફક્ત આપણાં અહિંસક પ્રવચનો અને કાર્યોની સાબિતીથી જ પ્રાપ્ત કરી

શકાય તથા તેમણે આગળ જતાં માન્યુ કે, અહિંસક પ્રવચનનો અને કાર્યોનું સખ્તીપૂર્વક પાલન મહત્વપૂર્ણ છે. એક સમય હતો કે જ્યારે કોંગ્રેસ એ વાતે સહમત હતી કે, અહિંસા સૌથી સારી નીતિ છે અને અસ્થાયીપણે અહિંસાને સ્વતંત્રતાની ચળવળમાં માધ્યમ રૂપે અપનાવશે. કોંગ્રેસે અપનાવેલ અહિંસાની નીતિ સંદર્ભે ગાંધીજીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અને લીગના સભ્યોએ તેમના પ્રવચનો, લેખન અને કાર્યોમાં સરળ અને સંયમપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. આવા નિયંત્રણો ગાંધીજી અનુસાર સામુદાયિક એકતા તરફ દોરી શકે છે. જે વાસ્તવિક અને સ્થાયી બંને હતાં. ગાંધીજી આશા રાખતા હતા કે, કોંગ્રેસના અધિકારીઓ અહિંસક બોલનારા અને કાર્યકરોના મોડલ તરીકે કામ કરી શકે છે, પરંતુ તેમણે અન્ય લોકોનો પણ અહિંસાના મોડલ તરીકે ઉપયોગ કર્યો હતો.

ગાંધીજીએ ‘હરીજન’ અખબારમાં પૃથ્વીસિંહ નામે ક્રાંતિકારી સાથે થયેલા અહિંસક અનુભવની વાતચીતમાં અહિંસક પ્રવચનો અને કાર્યોનાં મુલ્યો વિશે વાત કરી હતી. તદઅનુસાર, પૃથ્વીસિંહ એક ક્રાંતિકારી હતા. તેમણે વર્ષો સુધી એવું માનેલું કે ફક્ત હિંસા ધ્વારા જ સ્વતંત્રતા પ્રાપ્ત થઇ શકશે. પૃથ્વીસિંહ હિંસક અને સાહસિક કાર્યો માટે પ્રખ્યાત હતા. તેના કારણે તેમને કાળા પાણીની સજા થઇ હતી. પૃથ્વીસિંહ એક વાર ગાંધીજી પાસે ગયા. તેમણે પોતાની જાતને કાર્યાર્થે ગાંધીજી સમક્ષ પ્રસ્તુત કરી. ગાંધીજીએ તેમણે તેમના કાર્યોમાં અને પ્રવચનોમાં અહિંસક વ્યવહારો માટે પસંદ કર્યા. પૃથ્વીસિંહ આ વ્યવહારના લીધે આદર્શ કેદી બની ગયા. તેઓ અહિંસાના મુખર પ્રવક્તા બની ગયા. તેમના આ પરિવર્તિત સદવ્યવહારના કારણે રાજ્યએ તેમની કાળાપાણીની સજા માફ કરી દીધી. તેમણે પોતાનું બાકી જીવન અહિંસાત્મક જીવન માટે સમર્પિત કરી દીધું. પૃથ્વીસિંહની ડાયરીનું એક પાનું જેને હરીજનમાં છાપવામાં આવ્યું હતું. તે મુજબ ‘તેમણે પોતાના હિંસક વ્યવહારોનો અનુભવ કર્યો હતો કે, તે ન તો મારા દેશને સમૃદ્ધ કરશે કે, ન તો માનવતાના ઉત્થાન માટે કોઈ યોગદાન આપશે.’ આ પ્રકારના શૈક્ષણિક મુલ્યોના રહસ્યોદઘાટન થકી ગાંધીજીએ અહિંસક પ્રવચનો અને કાર્યોનું મુલ્ય સમજાવ્યું હતું અને આવી શ્રેણીઓનો ઉપયોગ આ પ્રકારનું અહિંસાત્મક શિક્ષણ આપવા, પ્રવચનો આપવા અને કાર્યો કરવામાં કરતા હતા.

ગાંધીજીએ સતત એ વિચાર પર જોર આપ્યું હતું કે, સોગંદ લેવા અને વિરોધીઓનું અપમાન કરવું એ હિંસક પ્રવચનો અને કાર્યોનાં રૂપ હતાં. આ સિવાય ગાંધીજીએ સત્યાગ્રહીઓને બીજાઓને નીચા ઉતારી પાડવાથી દૂર રહેવાનો, માફી માગવાનો, શબ્દોને જોઈ વિચારીને બોલવાનો આગ્રહ રાખ્યો હતો. ગાંધીજી દ્વારા જુઠ્ઠાપણુ, વિરોધીઓને નાશ કરવાના પ્રયત્નો, ઉપહાસ, નિર્દયી હુમલા, ઈર્ષા, મનમોટાવ અને ઝઘડાઓને પણ પ્રવચનોનાં હિંસક રૂપ માનવામાં આવતાં હતાં. તેમણે તેમના અનુયાયીઓને આ પ્રકારના પ્રવચનો અને કાર્યોથી દૂર રહેવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે પોતાના અહિંસક સંદેશને વ્યક્ત કરવા માટે પ્રારૂપનો ઉપયોગ કર્યો હતો. જે અહિંસક પ્રવચનો અને કાર્યો સંદર્ભે વિચારના રૂપમાં હતું. ગાંધીજી પણ તે અહિંસામાં માનતા હતા કે, જેમાં પ્રવચનો અને કાર્યોમાં તિર્યક સ્થિતિજન્ય પ્રયોજિતતા હતી. તેમને અહિંસક પ્રવચનો, વિભિન્ન પ્રકારની પરિસ્થિતિઓ માટે સ્પષ્ટપણે યોગ્ય જણાયાં હતાં. અહિંસક પ્રવચનોના સંભવિત પ્રયોગો બાબતે તેઓ આસ્વસ્થ હતા. તેમની વારંવાર દલીલ હતી કે, તેમની પદ્ધતિઓ સાર્વભૌમિક અમલીકરણ માટે સક્ષમ હતી : ‘સત્યાગ્રહની સાર્વત્રિકતાના

સંદર્ભમાં મેં વારંવાર અવલોકન કર્યું છે..... તેનું રાજકીય ક્ષેત્ર જેટલું જ સામાજિક ક્ષેત્રમાં અમલીકરણ થઇ શકે તેમ છે. તે સમાનરૂપે સમાજ, સરકાર અથવા કોઈના પોતાના પરિવાર, પિતા, માતા, પતિ અથવા પત્ની સામે ઉપયોગમાં લઈ શકાય તેમ છે.'

ગાંધીજી અનુસાર, અહિંસક પ્રવચનો અને કાર્યો ઘણી બધી પ્રત્યાયન પરિસ્થિતિઓને લાગુ પડે છે અને પરિસ્થિતિઓમાં યોગ્ય રૂપે જોઈ શકાય છે. જેમ આપણે તેમની પૃષ્ઠભૂમિ ધ્વારા જાણીએ છીએ કે, તેઓ આંતરવૈયક્તિકથી લઇને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ ચર્ચા-વિચારણાઓમાં જોડાયેલા હતા. જેમકે, ભેદોને ઉકેલવાના અસરકારક ઉપાયો માટે આવા અર્થસંવાદો સંવાદો પ્રત્યાયન સંદર્ભોની શ્રેણી પર લાગુ કરી શકાય.

ગાંધીજી અહિંસાની વ્યાપકતા સ્વીકારતા હતા.તેમને જ્યારે એક વાચકે પૂછ્યું કે, આપ કેટલાક લોકોનેતો અહિંસાના અધ્યયન માટે પ્રેરિત કરી શકો છો પરંતુ સંપૂર્ણ સમાજ આનો સ્વીકાર કરે તેની શક્યતા જણાતી નથી. ગાંધીજીએ આનો ઉત્તર આપતાં જણાવ્યું હતું કે, 'અહિંસાના સાર્વભૌમિક અમલીકરણમાં શંકા છે અને સમાજે તેમાં થોડી પ્રગતિ કરી છે.' ગાંધીજીએ અહિંસાની પ્રયોજિતતા સંદર્ભે પોતાના વિચારોના સમર્થનમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અને ભારતીય વિદ્વાનોના મત ટાંકયા હતા. તેમણે જણાવ્યું હતું કે,'અહિંસા તમામ આંતરિક ગરબડોની સામે હથિયાર છે..... આનો મતલબ છે કે, તમામ અવસરોએ અને તમામ માટે અહિંસાના ઉદ્દેશ્યોને સમાજ દ્વારા માન્યતા આપવામાં આવેલી છે. હા, તે હિસ્સો નાનકડો હોઈ શકે છે અને સમાજ દ્વારા ઉપયોગમાં લેવાના ઉપાયના રૂપમાં અહિંસાએ ઉચિત પ્રગતિ કરી છે.'

ગાંધીજીએ ઉમેર્યું હતું કે, ભારતીય વિદ્વાન મૌલાના, જેઓ પ્રગાઢ બુદ્ધિવાળા મહાન વિચારક અને મોટા વાચક હતા, તેમનો અનુભવ હતો કે,'એકલી અહિંસા હતી કે જે ભારતને મુક્ત કરાવી શકે છે.' તેમણે જવાહરલાલ નહેરુનું નામ લેતાં જણાવ્યું હતું કે,'જવાહરલાલને એવું લાગતું નથી કે, તેમણે સ્વરાજ (સ્વતંત્રતા) પ્રાપ્ત કરવા માટે અહિંસાને સ્વીકારી છે.' ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે, અહિંસા સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવામાં નિષ્ફળ રહી છે. જવાહરલાલ હિંસાને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના સાધન તરીકે અરજ કરશે, પરંતુ ગાંધીજીને એવું લાગતું ન હતું કે, અહિંસાના સંદર્ભે જવાહરલાલના વિચારોનું મૂલ્ય ઓછું થઈ ગયું છે. અહિંસાની ઉપયોગીતા સ્વતંત્રતાના ઇચ્છનીય અંત તરફનું સાધન છે. એક અન્ય ઉદાહરણમાં ગાંધીજીની એ માન્યતા હતી કે, તેમના ઉપાયોને કેટલીય રીતે અમલમાં મૂકી શકાય તેમ છે. તેઓએ કહ્યું હતું કે,'હું વૈજ્ઞાનિક ચોકસાઈ સાથે અહિંસાનો અભ્યાસ કરી રહ્યો છું. આ પચાસ વર્ષ કરતાં વધારે અખંડ અવધિ માટે છે. આને મે ઘરેલું, સંસ્થાગત, આર્થિક, રાજનીતિક અને જીવનના પ્રત્યેક પગલે પ્રયોજી છે. મને ખબર છે કે કોઈપણ એવો પ્રસંગ નથી કે જ્યાં આ નિષ્ફળ રહી હોય. જ્યાં ક્યારેક ક્યારેક એવું લાગે કે નિષ્ફળ રહ્યો છું, મને લાગે છે કે આમારી ખામીઓને પૂરી કરે છે.'

ગાંધીજીના આલોચકો સત્યાગ્રહના આંતરિક અને બાહ્ય ઉપયોગો વિશે જાણવા ઇચ્છુક રહેતા હતા. તેમના અનુસાર આંતરિક બાબતો માટે સત્યાગ્રહ બરાબર છે, પરંતુ બાહ્ય ઘટનાઓ માટે યોગ્ય નથી. જેમકે, કેટલાકનું માનવું હતું કે, ભારત પર કોઈ વિદેશી તાકાતો દ્વારા આક્રમણની સ્થિતિમાં સત્યાગ્રહ કામ કરશે નહીં, ત્યારે ગાંધીજીએ કોંગ્રેસના તેમને અનુસરનારા સભ્યોને સંબોધીત કરતાં જણાવેલું કે,'અહિંસા આંતરિક અવ્યવસ્થા અને બાહ્ય આક્રમકતા એમ

તમામ ક્ષેત્રોમાં અમલમાં મૂકી શકાય તેમ છે. 'ગાંધીજીએ જણાવ્યું હતું કે,'જો ભારત અહિંસાના મેળ વગરના સૌંદર્યને ઓળખી શકે.... તે કોઈપણ આક્રમણખોરોના ચહેરામાં અયોગ્ય બની જશે. તેમણે તર્ક આપ્યો કે,'અહિંસાની કળા શીખેલું તે એક નાનું રાજ્ય પ્રતિરક્ષક હતું મોટા પાયે સશસ્ત્ર રાજ્યોના સંયોજનના મધ્યમાં.'આ સ્થિતિનું સમર્થન કરવા માટે ગાંધીજીએ બહુ દૂર જોવું પડ્યું ન હતું. તે સમયે ઉગ્ર સ્વરૂપે બીજુ વિશ્વયુદ્ધ ચાલતું હતું. જર્મનીનું શક્તિશાળી સૈન્યએક નાનકડા રાજ્યના રૂપમાં જોવાતું હતું.'તે પૂર્ણરૂપે સશસ્ત્ર શક્તિ હતી.' 'હિટલરવાદ' જેમ કે, ગાંધીજીએ આતાકાતનો ઉલ્લેખ કર્યાનો અર્થ છે 'નગ્ન નિર્દયી તાકાત કેજે ચોક્કસતા વાળા વિજ્ઞાન માટે ઓછી થઈ ગઈ, જે ચોક્સાઈભરી વૈજ્ઞાનિકતા સાથે કામ કરતી હતી. ગાંધીજીએ યુદ્ધની હિંસાને જોઈ આ વિશે લખ્યું હતું કે,'આપણી સામે શું ચાલી રહ્યું છે? 'આપણી આંખો આગળ હિટલરવાદના રૂપમાં હિંસાની નિરર્થકતાનું પ્રદર્શન છે.' ગાંધીજીએ જણાવ્યું હતું કે, જર્મની સદાયને માટે આધિનસ્થ રાષ્ટ્રોને નહીં પકડી શકે. તેમણે જણાવ્યું હતું કે,'હિટલર દ્વારા વહેડાવવામાં આવેલા સંપૂર્ણ લોહીના ઈંચના દસમા હિસ્સાને પણ દુનિયાના કદ જોડે જોડી શકાય નહીં. આ પાઠો ભારતીય લોકો તેમજ વૈશ્વિક શક્તિ તરફ નિર્દેશિત કરવામાં આવ્યા હતા. આ ઘટનામાં ભારતે પોતાને ત્યાં સૌથી પહેલાં અહિંસાની પ્રભાવકતાને પ્રદર્શિત કરવાની હતી. આપણે પશ્ચિમની જબરજસ્ત સશસ્ત્ર શક્તિઓને પ્રભાવિત કરવાની ઉમ્મીદ રાખી શકીએ છીએ.'

ગાંધીજીએ સફળતાપૂર્વક એવી દલીલ કરી હતી કે, અહિંસાને અનેક પરિસ્થિતિઓમાં લાગુ કરી શકાય.આ સંદર્ભમાં ગાંધીજીને અહિંસક પ્રવચનો અને કાર્યોની આચરણપ્રથાને કેવી રીતે વ્યવહારમાં અમલમાં મુકવી તે પ્રશ્નનો જવાબ આપવો પડ્યો હતો. ગાંધીજી અને કોંગ્રેસના એક સભ્ય વચ્ચે થયેલી ચર્ચા વિચારણા દરમિયાન તે સભ્યએ ગાંધીજીને કઠિનાઈનું વર્ણન કરતાં પૂછેલું કે, કોમી તોફાનોને શાંત કરવા માટે કયા અહિંસક ઉપાયો મુજબ ચાલવું ? આ વિચાર આપલેમાં ગાંધીજીએ જોર દઈને કહ્યું હતું કે, 'ધાર્મિક તોફાનોને સફળતા પૂર્વક શમાવવા માટે કોંગ્રેસે એક નિશ્ચિત પદ્ધતિને શોધવી જોઈતી હતી. મારી પાસે આવી કોઈ પાકી યોજના નથી. એ જરૂરી છે કે હંમેશાં વિશુદ્ધપણે અહિંસક રહો.' ગાંધીજીની અહિંસાત્મક રીતે કાર્ય કરવાની પ્રણાલી હતી. તેમણે આના પર ભાર મુક્તાંકહ્યું હતું કે '.... આના પ્રસંગ લગભગ દરરોજ આવે છે. ત્યાં સાંપ્રદાયિક વર્ગો છે. ત્યાં ડાકુઓ છે (ડાકુઓ તે વ્યક્તિઓ છે કે જેઓ ટોળામાં ફરે છે અને લૂંટી લે છે તથા હત્યા કરીને ફેંકી દે છે). તેઓ વાચાળ યુગલ છે. આ બધી વસ્તુઓમાં જેઓ ખરેખર અહિંસક છે તેઓ તેને દર્શાવી શકે છે અને બતાવશે'.

ગાંધીજીનું માનવું હતું કે, લાખો લોકોને અહિંસાની કળા શીખવી શકાય તેમ છે અને તેઓ આ પ્રકારની કળાના પ્રભાવનું અસાધારણ પરિણામ હોઈ શકે છે. એક આંખે સ્વતંત્રતા અને બીજી આંખે બીજા વિશ્વયુદ્ધની હિંસા. ગાંધીજીએ જણાવ્યું હતું કે, તેઓ યુદ્ધના પ્રયત્નોમાં બ્રિટનનું સમર્થન ન કરી શકે, પછી ભલેને બ્રિટને ભારતની સ્વતંત્રતાની ખાતરી આપી હોય. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પોતાના વિશ્વાસમાં નિશ્ચિત હતા કે માત્ર અહિંસા ભારત અને દુનિયાને આત્મવિલુપ્ત થતી બચાવી શકે છે.

એક અન્ય પ્રસંગે, ગાંધીજીએ અહિંસાના પરિણામ સ્વરૂપ પોતાની માન્યતાઓને સ્પષ્ટ કરી હતી. પરંતુ આ વખતે તેઓ કેટલાક લોકો પૂરતા ચિંતિત હતા. ગાંધીજી અનુસાર, તેમની અહિંસા વાસ્તવિક હતી તો તેઓ અસાધારણ પરિણામ લાવી શકે. તેઓ કહે છે કે, 'દ્રઢ

આત્માઓનું એક નાનકડું શરીર, જે પોતાના અયોગ્ય વિશ્વાસ દ્વારા નિશ્ચિત થયું છે તે ઇતિહાસને બદલી શકે છે. આ પહેલા પણ થયું છે અને જો અહિંસા હોય તો ફરીથી થઇ શકે છે. તે આલૌકિક સોનું છે, કેવલ ચમક નથી.' ગાંધીજી અનુસાર, લાખો લોકો હિંસાનું અનુસરણ કરી શકત અથવા કોઈપણ સ્થિતિમાં કેટલાક લોકો હિંસાનો ઉપયોગ કરી શકત. તેઓ માનતા હતા કે, જે પરિણામો લાવી શકાય તે પરિણામરૂપ બની શકે છે.

ગાંધીજી વ્યક્તિગત, સામાજિક, રાજનૈતિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને અહિંસક સાધનોના માધ્યમો વડે હલ કરવામાં માનતા હતા. તેમના અનુસાર પરિવારો મધ્યેની વ્યક્તિગત સમસ્યાઓ, સાંપ્રદાયિક સમૂહો મધ્યેની સમસ્યાઓ અને રાષ્ટ્રો મધ્યેની સમસ્યાઓને CWMJના માધ્યમ થકી અને સત્યાગ્રહ વિષયક તેમણે હરિજન અખબારમાં વ્યક્ત કરેલા વિચારો થકી ઉકેલી શકાય તેમ છે. આ મુજબ જોતાં ગાંધીજીનો વિચાર અહિંસાને કેટલીય પરિસ્થિતિઓમાં ઉપયોગ કરવાનો હતો.

ગાંધીજીના અહિંસા પ્રત્યેના દ્રષ્ટિકોણથી એ પ્રતીત થાય છે કે, હિંસક પ્રવચનો અને કાર્યો માટેનાં કેટલાંય રૂપ હતાં. તેમણે તે પ્રત્યેકને ઉદાહરણો દ્વારા દર્શાવ્યાં છે. તેમણે હિંસક પ્રવચનો અને કાર્યોનાં ઉદાહરણોની ઓળખ કરીને અહિંસા અને સત્યાગ્રહના અનુયાયીઓને તેમનાથી બચવાનું જણાવ્યું હતું. ગાંધીજીએ અહિંસાને પ્રવચનો અને કાર્યોમાં સામેલ કરી હતી. તેમણે અહિંસક પ્રવચનો અને કાર્યોને એકબીજાનાં સુસંગત અને પુનરાવર્તિત વિષય બતાવ્યાં હતાં. આ બાબતે ગાંધીજીને, અહિંસક પ્રત્યાયનમાં મહત્વપૂર્ણ પહેલુંના રૂપમાં જોઇ શકાય છે.

ગાંધીજીનું એ પણ માનવું હતું કે, અહિંસક પ્રવચનો અને કાર્યો કેટલીય પ્રત્યાયન પરિસ્થિતિઓમાં અમલમાં હતાં. અહિંસક પ્રવચનો અને કાર્યો દ્વારા ગાંધીજીએ પરિસ્થિતિઓમાં બંધાઈ રહેવાનો વિચાર નહોતો કર્યો. અહિંસક કાર્યો આંતરવૈયક્તિક અને આંતરરાષ્ટ્રીય સંદર્ભોએ લાગુ થવા માટે સક્ષમ હતાં. અહિંસક કાર્ય અને તેનો તિર્યક પરિસ્થિતિકીય ઉપયોગએ ગાંધીજીની વક્તૃત્વપૂર્ણ વિચારધારામાં એક મુખ્ય સૈદ્ધાંતિક એકમ હતો. આ મુખ્ય સિદ્ધાંતમાંથી બીજા સૈદ્ધાંતિક એકમો પેદા થયા. તેમાં એક એકમે ગાંધીજીના અહિંસક પ્રત્યાયનના લક્ષ્યને પૂર્ણ કર્યું. તે એકમ હતો, માનવીય સંબંધોની જાળવણી.

**માનવીય સંબંધોની જાળવણી**

ગાંધીજી માટે પ્રત્યાયનનું લક્ષ્ય માનવીય સંબંધોનું સર્જન અને તેની જાળવણી હતું તથા એ રીતે વ્યક્તિત્વનો વિકાસ કરવાનો હતો. ગાંધીજીએ અહિંસા પર ભાર આપી અન્યોના મહત્વને માન્યતા આપી, માનવતાને મહત્વ આપ્યું અને અન્યોના માનવીય સંબંધો અને વ્યક્તિત્વના મહત્વની પ્રશંસા કરી. સંઘર્ષ દ્વારા કામ કરવા માટે ગાંધીજી દ્વારા ગાઢ, નજીકના અને અંગત સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ હતા. ગાંધીજી પર જ્હોન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ'નો ખૂબ જ પ્રભાવ પડ્યો હતો. આ પુસ્તકે સરળ અને આદર્શ જીવન વિશેના ગાંધીજીના વિચારોને બળ પૂરૂં પાડ્યું હતું. એમાંય આ પુસ્તકના બીજા ભાગ 'Dependent upon the invisible gold of companionship'એ ગાંધીજી પર ઊંડી અસર કરી હતી. ગાંધીજીના સૌથી મોટા રાજનૈતિક વિરોધીઓમાંના એક રાજનીતિના જાણકારે કહ્યું હતું કે, ભલે ગાંધીજી બધા કારણોમાંથી બહાર નીકળી ગયા હોય પરંતુ તેમણે પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં માનવીને ક્યારેય

ભૂલાવ્યો નથી. ગાંધીજી માટે મિત્રો-સાથીઓ કે પછી તેમના વિરોધીઓ હોય તેમને માટે સંબંધોનું બંધન મહત્વપૂર્ણ હતું.

ગાંધીજીએ લખ્યું હતું કે, સત્યાગ્રહીઓએ ક્યારેય પણ ખોટું કરવાવાળાઓને શરમાવવા જોઈએ નહીં. માનવ સ્વભાવમાં રહેલા સારાપણાની અનદેખી ન કરવી જોઈએ. બીજાઓના ડરની ફરિયાદ કરે. સત્યાગ્રહીઓએ બીજાઓનાં મનપરિવર્તન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગાંધીજી વારંવાર કહેતા કે, સંબંધો અને લોકોની ચિંતા કરવી જોઈએ.

ગાંધીજીની ચિંતા ફક્ત જેમની સાથે મિત્રતા હતી તેવા માનવીય હિસ્સા માટે નહીં, પરંતુ સંપૂર્ણ માનવતા માટે હતી. ગાંધીજી અનુસાર, માનવતા પાણીથી ભરેલા ચુસ્ત ડબ્બાઓની જેમ વિભાજિત નથી. તેમના સંદેશાઓમાં ભારત અને વિશ્વની માનવતા માટે ચિંતા તરી આવતી હતી. ગાંધીજીએ મોહમ્મદ અલી ઝીણાને લખેલા એક પત્રમાંએ જણાવાની કોશિશ કરી હતી કે, તેઓ સમગ્રતયા હિંદુઓ અને મુસ્લિમોની વચ્ચે રહેલા સંબંધીપણાનું સન્માન સહિત પ્રતિનિધિત્વ કરે. ગાંધીજીએ લખ્યું હતું કે, 'હું એ ધારણા પર આગળ વધુ છું કે ભારતને બે અથવા બે કરતા વધારે રાષ્ટ્રના રૂપમાં ન માનવું જોઈએ, પરંતુ તેને એક કુટુંબના રૂપમાં જોવું જોઈએ કે જેમાં કેટલાંય પરિવારો સમાયેલા છે.' સંબંધો અને વ્યક્તિત્વ માટે તેમની ચિંતાની પરીધી ખૂબ જ વિશાળ હતી. તેઓ ફક્ત ભારતીય માનવતાના સંબંધો અને વ્યક્તિત્વ માટે ચિંતિત નહોતા, પરંતુ સમગ્ર વિશ્વ માનવ પરિવાર માટે ચિંતિત હતા. ગાંધીજી અનુસાર, દુનિયા સારાપણાથી ભરેલી છે. અહિંસાને નિસ્વાર્થ સેવામાં વ્યક્ત કરવી જોઈએ. ગાંધીજીની માન્યતા મુજબ, અહિંસાની કળાએ સંપૂર્ણ વ્યક્તિત્વનું ઉત્થાન કરનાર અને કટ્ટરપંથી સુધારક બની શકે છે.

ગાંધીજીના અહિંસક પ્રત્યાયનમાં સમગ્ર વિશ્વના વ્યક્તિત્વનાં મૂલ્યોને સમાવવાની સાથે સાથે તેઓએ વ્યક્તિગત સંબંધો અને મિત્રતા પર પણ ભાર મૂક્યો હતો. ભારતમાં ૧૯૩૯ થી ૧૯૪૦ દરમિયાન વ્યાપક સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી ત્યારે ગાંધીજીએ હરીજન અખબારના વાચકોને મધુર સંબંધો સ્થાપવાનો આગ્રહ કર્યો હતો.ગાંધીજી અનુસાર, અહિંસાવાદીઓની ખરી પરીક્ષા રાજનીતિક ગરબડો વખતે અને સાંપ્રદાયિક વિકૃતિઓ અથવા ચોરો અને લુંટારાઓના ભય વખતે થશે. ગાંધીજીએ આગ્રહ કર્યો હતો કે, 'સત્યાગ્રહીઓએ ચોર અને લુંટારા સમુદાયોની મધ્યે મૈત્રીપૂર્ણ સંબંધોની ખેતી કરવાની છે.' તેમણે સંબંધો અને મિત્રતા વિશે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'જો હું એક હિન્દુ છું તો મારે મુસલમાનો અને બાકી લોકોની સાથે જોડાવવું જોઇએ. તેમની સાથે વ્યવહાર કરતાં કોઈ ફરક પડતો નથી કે જેઓ મારા સહધર્મીઓ છે અને જુદી જુદી શ્રદ્ધાથી સંબંધિત હોઈ શકે છે.'

કેટલીયવાર ગાંધીજી અન્યો સાથે અસહમત રહેતા હતા તેમ છતાં તેઓ તેમના વિરોધીઓ સાથેના સંબંધોને મહત્વ આપતા હતા. મદનમોહન માલવિયા ગાંધીજીના મિત્ર હતા. પરંતુ તેઓ ઘણીબધીવાર રાજનીતિક ધ્યેયોને પૂરા કરવા માટેની રાજનીતિ વિશે અસહમત રહેતા હતા. જેમકે, માલવિયાએ એક યોજના બનાવી હતી તેમાંકોઈપણ કિંમતે ગાંધીજીને ટાળવાનું કહ્યું હતું. ગાંધીજીએ માલવિયા વિશે લખ્યું હતું કે, 'તેઓ મારા સ્વાસ્થ્ય, મારી રાજનીતિ અને મારી નૈતિકતા બાબતે સદૈવ ખૂબજ ચિતિત રહેતા. અમારી વચ્ચે મતભેદ છે, પરંતુ અમારો પ્રેમ ખુશીપૂર્વક ઊભો થઈ જાય છે.'આ પ્રત્યાયન વ્યવહાર સૂચવે છે કે, મતમતાંતરોના ઉકેલમાં સંબંધે મહત્વની ભૂમિકા કેવી રીતે ભજવી હતી.

લોર્ડ લિનલિથગો એક મહત્વપૂર્ણ રાજનીતિક હતા. તેમની સાથે ગાંધીજીને ઘણીબધીવાર ચર્ચા વિચારણાઓ થઈ હતી. તે વાતચીતો રાજનીતિક કાર્યસૂચિ બાબતે વધારે રહેતી. તેમને બંનેને એકબીજાના વિરોધીઓના રૂપમાં જોવામાં આવતા હતા. તેમ છતાં ગાંધીજી વારંવાર ભાર દઈને કહેતા હતા કે, તેઓ લોર્ડ લિનલિથગોનો વિશ્વાસ કેવી રીતે કરતા હતા. ગાંધીજીએ દ્રઢપણે લખ્યું હતું કે, તેમની સાથે તેમને કેવી રીતે અણબન થતી હતી, કેવી રીતે તેમના સંબંધમાં તણાવ અંતર્ગત સહન કરવું પડતું, અને તેમના મતભેદ તેમના સંબંધોને કેવી રીતે ન બદલી શકતા. ગાંધીજીએ જણાવ્યું હતું કે, 'એક ગંભીર મતભેદ પછી નિષ્ફળતા મળવા છતાં (ભારતની યુદ્ધમાં સામેલગીરી અને સ્વતંત્રતા સાથે વ્યવહાર કરવાની નીતિ પર સંમત થવા) આપણે એકબીજાની નજીક આવ્યા છીએ તે પરિસ્થિતિની સ્પષ્ટતા છે. 'લિનલિથગો અને ગાંધીજી વચ્ચેના બીજા વિવાદ દરમિયાન, જેમાં યુદ્ધના પ્રયત્નો અને યુદ્ધમાં ભારતની ભૂમિકાનો મુદ્દો હતો, ત્યારે ગાંધીજીએ લખ્યું હતું કે '...... તેમ છતાં આપણા માર્ગો ક્ષણ માટે વિચલિત કરવામાં લાગ્યા રહ્યા હોય, આપણી નજીકની અંગત મિત્રતા, જેમ તમે વિદાય વેળાએ કહ્યું કે આપ દયાળુ છો, ભિન્નતાની તાણને સહન કરો.'

આ બધું હોવા છતાં એક ઉદાહરણમાં ગાંધીજી નાટકીયપણે જે વ્યક્તિઓ સાથે અસહમત રહેતા હતા તેમની જોડે સંબંધોમાં સાતત્યતા જળવાઇ રહે તે માટે ચિંતિત રહેતા હતા. આ બાબત લિનલિથગો અને ગાંધીજી વચ્ચે થયેલી મુલાકાત કેજે હરીજન અખબારમાં પ્રગટ થઈ હતી તેમાં જણાઈ આવી હતી. હરિજનમાં તેમણે લખ્યું હતું કે, ચર્ચાઓના કારણે તેમની વાતચીત તૂટી ગઈ હતી. ભંગાણ હોવા છતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, 'વાઇસરોય અનેહું મિત્રો બની ગયા છીએ. ક્યારેય અલગ ન થવું જોઈએ. તેઓ વચ્ચે જેટલા મહાન હોઈશકે તેમ તેઓ વચ્ચે મતમતાંતર પણ હોઈ શકે.'

ભારત વિભાજન અને હિંદુ-મુસ્લિમ સંબંધે વિભિન્ન મુદ્દાઓ પર મોહમ્મદઅલી ઝીણા અને ગાંધીજી પ્રાથમિક પ્રતિસ્પર્ધી હતા. તેઓ બંને વચ્ચે સહમતી કરતાં અસહમતી વધારે હતી. તેમ છતાં તેમના બંનેના સંબંધો ખૂબ જ વિશિષ્ટ અને મહત્વપૂર્ણ હતા. ગાંધીજીએ વારંવાર ગાંધી-ઝીણા વાતચીતમાં સંબંધોની વિશેષ મહત્તા દર્શાવી હતી.

પ્રાર્થના સભાના એક સત્રમાં ગાંધીજી અને ઝીણા વચ્ચે વાતચીત થઇ હતી. ગાંધીજીએ પોતાની ઈચ્છાઓ વિશે કહ્યું હતું કે, સમગ્ર વાતચીતમાં તેમના પ્રવચનનું માર્ગદર્શન કરવામાં આવશે જેથી 'કોઈ શબ્દ મારા હોઠથી છટકી શકશે નહી જેથી શિકાર કરી શકે.....ઝીણા....અથવા કારણને નુકસાન પહોંચાડે.' 'હમેશા સારી વાતચીત થઈ નથી તેમ છતાં બંને વચ્ચે સંબંધ મજબૂત બન્યા.'ગાંધી અને ઝીણા સમય-સમય પર સંબંધોને જાળવી રાખવા માટે તત્પર રહેતા હતા. એક પત્ર વ્યવહારમાં ગાંધીજીએ ઝીણાને લખ્યું હતું કે, 'ગઈકાલની સાજની વાતચીતે મારા મોઢામાં ખરાબ સ્વાદ છોડી દીધો. આપણી વાતો અને આપણો પત્ર-વ્યવહાર સમાંતર રેખાઓમાં ચાલે છે અને ક્યારેય એકબીજાને સ્પર્શ કરતો નથી. આપણે ગઈકાલે રાત્રે તોડવાના બિંદુ પર પહોંચ્યા, પરંતુ ભગવાનનો આભાર માનીએ છીએ કે આપણે ભાગ લેવા માટે તૈયાર નહોતા.'

વાતચીત સમાપ્ત થઈ ગઈ હતી. ગાંધીજી અને ઝીણા મતભેદોનું સમાધાન શોધવામાં અસમર્થ રહ્યા હતા. ગાંધીજીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, પરસ્પર વિચાર કરવા માટે

મિત્રતા દેખાઈ દે છે. ગાંધીજી અનુસાર આમ જોવામાં આવે તો, તેઓ અને ઝીણા 'પહેલા કરતાં હવે એકબીજાને સારી રીતે જાણે છે.' ગાંધીજીને જ્યારે એ પૂછવામાં આવ્યું કે, નજીકના ભવિષ્યમાં ઝીણા સાથે બેઠકો થવાની સંભાવના ખરી કે નહીં? ગાંધીજીએ આ વિશે કહ્યુ  હતું કે, 'હું આશા રાખું છું કે પ્રેસ અને જાહેર જનતા માટે  તારીખ ઝડપી શક્યબને. હું આપને વિશ્વાસ આપું છું અમે દુશ્મનોના રૂપમાં નહીં, પરંતુ મિત્રોના રૂપમાં ભાગ લીધો છે.' ગાંધી- ઝીણાની વાતચીતમાં ગાંધીજીએકહ્યું હતું કે,તેમના અને ઝીણાના સંબંધમાં હિંદુઓ અને મુસલમાનોના સંબંધો ચિંતાજનક સંબંધો છે. વ્યાપક દ્રષ્ટિકોણમાં ગાંધીજીએ સમગ્ર વ્યક્તિત્વના સારાપણા માટે વિચાર્યું હતુ. આ વિચારની સાબિતી આપતા બે ઉદાહરણો જોવા મળે છે: એક પ્રસંગે, ઝીણા સાથેના લાંબા સમયથી પત્રવ્યવહારમાં, ગાંધીજીએ પાકિસ્તાનની રચનામાં સ્થળાંતરથવા માગતા લોકોની મુશ્કેલીઓ અને કલ્યાણ માટે ચિંતા વ્યક્ત કરી હતી: કારણકે હું આ પત્ર લખું છું અને પ્રસ્તાવ (લાહોર પ્રસ્તાવમાં સુધારણા જે ઝીણા અને મુસ્લિમ લીગ દ્વારા પાકિસ્તાનની રચના માટે વિનંતી કરવામાં આવી હતી) ની કલ્પના કરૂં છું.હું સમગ્ર ભારત માટે વિનાશ સીવાય બીજું કાંઈ જોઉં છું..... (ભારતની સમગ્ર વસ્તીને માન આપવાની તેમની ઈચ્છાઓમાં, ગાંધી પોતાને સંબંધિત છે) તેમનો વર્ગ, જાતિ અથવા ધર્મ હોવા છતાં તેમનામાં સામાન્ય કટોકટી અને અધ:પતન છે.

ગાંધીજીએ વિચાર્યું હતું કે, જો પાકિસ્તાન બનશે તો ત્યાંથી મોટા પ્રમાણમાં લોકોનું પલાયન થશે. તેના પરિણામે લાખો લોકો અસાધારણરૂપે  બોજ  બનશે. ગાંધીજી અનેઝીણા પોતાના વિચારો સાથે આગળ વધ્યા તો ગાંધીજીએ અલ્પસંખ્યક અધિકારોની ચિંતા વિશે દોહરાવ્યું. તેમણે પાકિસ્તાનના સર્જનની વાસ્તવિકતા અને તેનાથી ઉદભવનારી ઘટનાઓની વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી.

ગાંધીજીના વિશ્લેષણમાંથી આર્વિભાવ પામતા સુસંગત અને પુનરાવર્તિત વિષયો, વિચારો, જીવનશૈલી અને કાર્યોમાં વિશેષરૂપે  માનવસંબંધોની ચિંતા જોવા મળે છે. તેમાં સામાન્યપણે વ્યક્તિવાદનું ભલું કેન્દ્રસ્થાને રહેલું છે. ગાંધીજીએ જેમણે ગામડાંમાં આતંક ફેલાવ્યો હતો તે ચોરો અને હત્યારાઓ સાથે સત્યાગ્રહીઓને સંબંધો સ્થાપવાનો આગ્રહ રાખ્યો હતો. તેમણે સૂચવ્યું હતું કે, હિંદુઓ  અને મુસ્લિમો એક થઈને રહે. લોકોમાં મતભેદ હોવા છતાં પણ (જેમકે ગાંધી અને લિનલિથગો) લોકો એકબીજાની નજીક આવવામાં સક્ષમ છે અને સ્થિતિને વધારે સ્પષ્ટરૂપે જોવાનું સૂચવ્યું અને  મૈત્રીનું સૂચન કર્યું હતું. મતભેદોમાં તણાવને સહન કરવાનું જણાવ્યું હતું. ઝીણાની સાથે પોતાની વાતચીતના પરિણામ સ્વરૂપ, ગાંધીજીએ દાવો કર્યો હતો કે, તેઓ ઝીણાને પહેલાંની તુલનામાં વધારે સારી રીતે જાણે છે. ગાંધીજીએ સૂચવેલ મિત્રતામાં ભેદો દરમિયાન તણાવ સહન કરવાનું કહેવામાં આવ્યું છે. ગાંધીજી સંબંધો બાંધવામાં અને જાળવવામાં ખૂબ જ માનતા હતા. તેમની નજરે કોઈની સાથે સંબંધ હોય કે ન હોય તમામ સાથે માનવતા દાખવવી જોઈએ, તેમની ચિંતા કરવી જોઈએ અને વાતચીત કરવી જોઈએ.

ગાંધીજીએ તમામ દેશોના માનવ પરિવારોની ભલાઈ માટે વિચાર્યું હતું. અહિંસાને સંપૂર્ણ માનવતા માટે વ્યક્ત કરવામાં ગાંધીજી માનતા હતા. અહિંસાને પુનર્જીવિત કરી શકાય તેમ છે, અને તેમાં મૌલિક સુધારાઓ શક્ય છે. પરંતુ સંઘર્ષમાં બ્રિટિશ શાસને, કોંગ્રેસ અને મિત્ર એમ બંને પક્ષમાં નૈતિકતાને ધ્વસ્ત કરી નાખી હતી. પરંતુ ગાંધીજીનું માનવું હતું કે, સંઘર્ષમાં બંને

પક્ષમાં અહિંસા નૈતિકતાની સ્થાપના કરી શકે છે.વિશેષપણે કહ્યું છે કે: હિંસા એટલે અમાનવીયતા અને અહિંસા એટલે માનવીયકરણ.

ગાંધીજી ખાસ કરીને માનવીય સંબંધો માટે ચિંતિત હતા. માનવીય સંબંધો, વ્યક્તિત્વને સમૃદ્ધ બનાવવા માટે અહિંસક પ્રત્યાયનના બીજા સુસંગત અને પુનરાવર્તિત એકમ તરીકે જોવામાં આવે છે. ગાંધીજીની વિચારસરણી, જીવન અને કાર્યોમાંથી ઉદ્ભવતો ગાંધીજીના અહિંસક પ્રત્યાયનનો ત્રીજો એકમ એ ખુલ્લાપણાની ચિંતા છે.

**ખુલ્લાપણું**

ગાંધીજી અનુસાર અહિંસક પ્રત્યાયન સંવાદ કરવાની ઈચ્છા સાથે કરવુ પડશે. ગાંધીજી બેસીને વાતચીત કરવા તૈયાર હતા. તેઓ સ્વતંત્ર પ્રવચનોના મૂળ અધિકારો અને વિચારોને જાણવાના અધિકાર પર વિશ્વાસ કરતા હતા. ગાંધીજીએ પ્રત્યાયન અને સંઘર્ષ દ્વારા ખુલ્લાપણા પર ઘણું બધું ધ્યાન આપ્યું હતુ. ગાંધીજી ખુલ્લાપણાના અને વિચારોની અભિવ્યક્તિના પક્ષધર હતા.

ગાંધીજીએ સેન્સરશિપના વિભિન્ન રૂપોનો અનુભવકર્યો હતો. તેથી તેઓ મુક્ત પ્રવચનોની પાયાની સ્વતંત્રતાના પક્ષધર હતા. ગાંધીજીએ શાંતિપૂર્ણ લોકસભાઓ, સ્વૈચ્છિક સંઘો અને માહિતી પ્રકાશનની પ્રશંસા કરી હતી. તેઓ તેમના નિષેધનો સ્વીકાર નહોતા કરતા. તેમની દ્રષ્ટિએ પ્રત્યાયનના આ બધા સાધનો જનતાનું ભોજન, શ્વાસ અને પાણી સમાન છે. ગાંધીજી અનુસાર સ્વતંત્રતા, સ્વશાસન અને રાજનીતિક સ્વતંત્રતાનો અર્થ છે સ્વરાજ. આ સ્વરાજ ફક્ત પ્રવચનો, સહયોગ અને પ્રેસ દ્વારા જ આવી શકે છે. ગાંધીજી આ મુદ્દા વિશે એટલા બધા અસંતોષી હતા કે, તેમને વિશ્વાસ હતો કે, જો સેન્સરશિપ થયું હોય તોપણ હસ્તલેખિત અખબાર પણ બહાદુર સમય માટે એક બહાદુર ઉપાય હશે. વાંધો ઉઠાવવા માટે ભાષણ અને કલમ હતી.ગાંધીજીએ ચેતવણી આપી હતી, પ્રકાશન દ્વારા તેમની શક્તિમાં વધારો થશે.

સ્વતંત્રતા, મુક્ત પ્રવચનોઅને સંગઠન જેવા લક્ષ્યોની ઉપલબ્ધિ માટે મહત્વપૂર્ણ હતી. ગાંધીજીએ આગ્રહ રાખ્યો હતો કે, 'જો જરૂરી હોય તો, આપણે ગોળીઓના વરસાદ સામે પણ સાચું બોલવું જોઈએ.આપણે સાથે મળીને મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ. આ મૌલિક અધિકારોને ખરીદવા માટે કોઈપણ મૂલ્ય ઓછુંછે. આની પર ન કોઈ સમજૂતી, ન વાતચીત, ન સંમેલન.'ગાંધીજી વાતચીતનાં વિભિન્ન રૂપોના પ્રસ્તાવક હતા. તેઓ સ્વતંત્ર, છેડછાડ રહિત આંતરક્રિયાનાં વિભિન્ન રૂપોના અધિકારમાં વિશ્વાસ ધરાવતા હતા. ગાંધીજી મુક્ત પ્રવચનોના અધિકારોમાં માનતા હતા,અને આ પ્રકારના અધિકારોનો ઉપયોગ કરવા માગતા લોકો પર એક માત્ર મર્યાદા એ હતી કે, તેઓ સીધા અથવા પરોક્ષ રીતે હિંસાને કારણ નથી બનાવતા.

ગાંધીજીના વિચારો અનુસાર મળવું, બોલવું અને મુક્તપણે લખવુ આવશ્યક હતું. તેઓ ગુપ્તતાના વિરોધી હતા. તેમના મતાનુસાર, ગુપ્તતાએ સત્યાગ્રહની ગરિમાને નુકસાન પહોંચાડ્યું છે. તેઓ ગુપ્તતાને સત્યાગ્રહના અભિયાનથી દૂર રાખવામાં માનતા હતા. તેમને ગુપ્તતાથી અતિશય ધૃણા હતી. તેઓ અહિંસાને ખુલ્લામાં પ્રયોજવાનો ગુણ માનતા હતા. આ રીતે જોતાં તેમના વિચારોમાં તમામ ભૂમિગત પ્રવૃત્તિઓ અહિંસાની વિરોધી હતી. ગાંધીજી અનુસાર,અહિંસામાં કંઈ પણ ગુપ્ત નથી. ભારતનું કોઈપણ ભૂમિગત આંદોલન સંભવતઃ પ્રજાને

જાગૃત ન કરી શકે તેવી તેમની માન્યતા હતી. ગાંધીજી વાસ્તવિક ગુપ્તતાને પાપ અને હિંસાનું લક્ષણ માનતા હતા.

ગાંધીજીએ કેટલાંય સ્થળોએ ખુલ્લાપણાની વકાલત કરી હતી. એક પ્રસંગે તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ અને મારા પર કેટલીય વાર અંગ્રેજોએ ગેરકાનૂની અને હિંસક પ્રવૃતિઓના આરોપો લગાવ્યા હતા. તેમાં પ્રત્યાયન કાર્યો અને હળતાળોનો સમાવેશ થતો હતો અને આ પ્રમાણે આ કાર્યોમાં અવરોધો અંગ્રેજ સરકાર પેદા કરતી હતી. આ પ્રકારના આરોપોનો જવાબ ગાંધીજીએ લોર્ડ લિનલિથગોને એક પત્રમાં આપ્યો હતો. તે જવાબ અનુસાર,'વાસ્તવિકતાનું એક મોટું વિરૂપણ હતું. કોઇ પણ સ્તરે હિંસાનો ક્યારેય વિચાર કરવામાં આવ્યો ન હતો.... કોંગ્રેસ વર્તુળમાં બધી જ ખુલ્લી રીતે ચર્ચાઓ કરવામાં આવી હતી, કારણકે ગુપ્ત રીતે કંઈ પણ કરવુંન હતું.'

ગાંધીજીએ ૧૯૩૯-૧૯૪૦ દરમિયાન 'હરીજન અખબાર'માં ખુલ્લાપણાનો દ્રઢતાથી વિકાસ કર્યો હતો. નવેમ્બર, ૧૯૪૦ પહેલાં અંગ્રેજોએ પ્રકાશનો પર સેન્સરશીપ લાદી હતી. આ સેન્સરશીપ દરમિયાન ગાંધીજીએ ઘણીબધીવાર સેન્સરશિપ લાગુ હોવા છતાં પણ તેમણે જુદા જુદા પ્રકારના ખુલ્લાપણાના મહત્વ વિશે સાર્વજનિક વિચારો વ્યક્ત કર્યા હતા. જેમ કે, તેમણે હરીજન અખબારમાં મુક્ત પ્રેસની જરૂર અનેખુલ્લી તથા સીધી વાટાઘાટો લાવવા માટે અસ્થાયીરૂપે અવજ્ઞાના કાર્યને સ્થગિત કરવાની જરૂરિયાત વિશે લખ્યું હતું.

એવાં કેટલાંય ઉદાહરણ મળી આવે છે કે, જેમાં ગાંધીજીએ મુક્ત પ્રેસની વાત કરી હતી. ગાંધીજીએ લોર્ડલિનલિથગો સાથેની મુલાકાત બાદ એક પત્રમાં લોર્ડ લિનલિથગોએ કોંગ્રેસ અને પ્રેસ પર અસ્વીકાર્ય નિયંત્રણ લાદ્યું હતું, તે વિશે ગાંધીજીએ જણાવ્યું હતું કે'...તાત્કાલિક મુદ્દો અસ્તિત્વનો અધિકાર છે અર્થાત્ સ્વનો અભિવ્યક્તિ અધિકાર, જેનો મોટામોટી અર્થ છે, મુક્ત પ્રવચન. આ ફક્ત કોંગ્રેસ પોતાના માટે જ નહીં, પરંતુ બધા માટે, એકમાત્ર પ્રતિબંધ અહીંસાના સંપૂર્ણ પાલન માટે છે.' આ પ્રતિક્રિયા, યુધ્ધના પ્રયાસોના વિરોધમાં કોંગ્રેસ હતી તેને શાંત કરવાના બ્રિટિશ સરકારના પ્રયાસોની પ્રતિક્રિયાના રૂપમાં આવી હતી.

અંગ્રેજ બોલવા અને પ્રેસની સ્વતંત્રતા અંગે ધમકી આપતા હતા, તો ગાંધીજી અને અન્યો ચૂપ નહોતો બેઠા. આની સામે ગાંધીજીના કહેવાથી વિનોબાભાવેની આગેવાનીમાં અસહકારનું આંદોલન કરવામાંઆવ્યુ હતુ.આ અભિયાનમાં સરકારના વિરોધમાં બોલવા બદલ બ્રિટિશ જોગવાઈઓ મુજબ શ્રીભાવેની ધરપકડ અને કારાવાસની સજા થઈ શકે તેમ હતી. આ સિવાય, હરિજનમાં ભાવેના પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવે તો તેને અંગ્રેજ સરકાર બંધ પણ કરી શકત. આ અભિયાનમાં ગાંધીજી મુખ્ય કાર્યકર્તાના રૂપમાં હતા. ગાંધીજીએ જનતાને સલાહ આપી હતી કે, ભાવેનું આ અભિયાન મુખ્યત્વે ભાવે સુધી જ સીમિત રહેશે અને તેઓ તેમાં સીધા સામેલ નથી. તેમ છતાં ગાંધીજીને જનતા પર વિશ્વાસ હતો કે,'તેઓ એક હદ સુધી આમાં સામેલ થશે, કેમકે મુદ્દો અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે સંબંધિત છે.' અભિવ્યક્તિના અધિકારો વિશે અને દમનના પ્રયાસો વિશે ગાંધીજીએ કહ્યું હતું કે, 'મને આ મુદ્દાને દોહરાવવા દો. સપાટી પર આ છે અવિશ્વસનીયપણે સંકીર્ણ-યુદ્ધના વિરોધમાં પ્રવચનો આપવાનો અધિકાર.... અથવા વર્તમાન યુદ્ધમાં ભાગીદારી .... તે લોકોના માટે વિવેકનો વિષય છે.'

અંગ્રેજો દ્વારા ગાંધીજીને પ્રેસ અને કોંગ્રેસની સાથે વિચાર-વિમર્શ માટે ખુલ્લાપણાની આવશ્યકતા અંગે આસ્વસ્થ કરવામાં આવ્યા હતા. ગાંધીજીનું માનવું હતું કે,જો સભ્યોને દબાવી દીધા તો કોંગ્રેસ ગાયબ થઈ જશે: ‘અને નિર્ણાયક ક્ષણે, જો તે અહિંસાના માધ્યમથી અહીંસાનો ઉપદેશને બંધ કરીને, પરિણામના ભયમાટે અથવા અન્યથા પોતાને ડૂબવા માટે કોંગ્રેસને અદ્રશ્ય કરે છે. તેથી જ્યારે આપણે આ મુદ્દાનીઊંડાણપૂર્વક તપાસ કરીએ છીએ ત્યારે આપણે જોઈએ છીએ કે તે આપણા માટે જીવન અને મરણની બાબત છે.’ ગાંધીજીનો વિચાર હતો કે, ભારતમાં પ્રેસ રાજયના વિચારોથી સ્વતંત્ર હોવી જોઈએ. તેઓ કોંગ્રેસ પર અંગ્રેજ સરકાર દ્વારા લગાવવામાં આવેલા પ્રતિબંધના વિરોધમાં હતા.

તેમ છતાં ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે, સમય સમય પર ખુલ્લા અને પ્રત્યક્ષની સુવિધા માટે અવજ્ઞાને અસ્થાયીરૂપે ટાળી શકાય છે, વાતચીત અને પરસ્પર વિરોધી પક્ષોને સમજૂતીઓ માટે બેઠક કરવાની અનુમતિ આપવા માટે.કોઈ અભિયાનને બંધ કરવાના જુદા જુદા કારણો હોઈ શકે છે. ગાંધીજીએ જે કારણો આપ્યા હતા તેમાં એક અભિયાનને લોકપ્રિય હિંસાથી બચાવવા માટે, સન્માનજનક સમજ આપવા માટેઅને અહિંસા વડે લોકોને શિક્ષિત કરવાના ઉપાયનો સમાવેશ થાય છે.

ગાંધીજીઅનુસાર, સમયાંતરે અવજ્ઞાના કાર્યને અસ્થાયીરૂપે ટાળીને અધિકારીઓ સાથે સીધી વાતચીતની શરૂઆત કરવા માટે નેતૃત્વ કરવું જોઈએ. 'સત્યાગ્રહીએ સીધી વાતચીત કરવા માટે હંમેશાં ઉચ્ચ માનવીય દ્રષ્ટિકોણ વાળા પ્રસંગની શોધ કરતા રહેવું એતેનું પહેલું અને અંતિમ કાર્ય હોવું જોઈએ. 'ગાંધીજી અનુસાર, એક સવિનય અવજ્ઞાના નેતામાં સક્રિય અહિંસા' હોવી જોઈએ. તેણે ઇચ્છનીય પરિણામની સંભાવનામાં વિશ્વાસ કરવો જોઈએ. આમ થતાં વાતચીત માટે માર્ગ મોકળો થઇ જશે.

એક અન્ય પ્રસંગે ધ ન્યૂયોર્ક ટાઇમ્સ અખબારના પ્રતિનિધિ સાથેની એક મુલાકાતમાં ગાંધીજીએ સીધી વાતચીતના મહત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ધ ન્યુયોર્ક ટાઇમ્સના પ્રતિનિધિએ ગાંધીજીને યાદ કરાવ્યુ કે, તેમણે કહ્યું હતું કે, 'સર્વશ્રેષ્ઠ ભારતીય માટે એકસાથે મળવું સંભવ છે અને જ્યાં સુધી તે બંને માટે સ્વીકાર્ય એક સૂત્ર વિકસિત કરશે નહિ, ત્યાં સુધી અલગ થઈ શકશે નહીં.’ગાંધીજીએ જવાબ આપતાં કહ્યું હતું કે, ‘જો શ્રેષ્ઠ અંગ્રેજ અને શ્રેષ્ઠ ભારતીય, એકસાથે મળી જાય છે એક નિશ્ચિત નિર્ણયની સાથે, જ્યાં સુધી તેઓ એક સમજૂતી સુધી નહીં પહોંચે ત્યાં સુધી, આત્મનિર્ણયના મહત્વપૂર્ણ ધ્યેયની પ્રાપ્તિ માટે માર્ગ ખોલી નાખવામાં આવશે.’

ગાંધીજીએ ઘણી બધી વાહિકાઓ દ્વારા ગુપ્તતા પર ચર્ચા કરી હતી. તેમાંય ગુપ્તતા પર પોતાના વિચારો વ્યક્ત કરવા માટે હરિજન અખબારનો ગાંધીજીએ સારો એવો ઉપયોગ કર્યો હતો. ગાંધીજીને હરીજન અખબારના એક વાચકે ગુપ્તતા પર પોતાના વિચારો જણાવવા માટે પ્રેર્યા હતા. ગાંધીજીએ ગુપ્તતા પર તેમના વિચાર વ્યક્ત કર્યા હતા. તાજેતરના અભિયાન દરમિયાન ગુપ્તતાનો ઉપયોગ કરનાર સત્યાગ્રહના સહભાગીઓએ થોડુક સૂચવ્યું હતું કે, ગુપ્તતાની હાજરીમાં અભિયાનને કેવી રીતે ગૌરવ આપી શકાય. ખુલ્લા દસ્તાવેજોમાટે બોલાવવામાં આવ્યા હતા અને ગુપ્તતાને માનતા હતા તેવા લોકોને ન આવવા માટે તેમની ખાતરીની પુષ્ટિ કરી: ‘હું તદ્દન સ્પષ્ટ છું કે, ગુપ્તતા આપણા કારણ માટે કોઈ સારી નથી. આને

ચોક્કસપણે એ લોકોને આનંદ આપ્યો છે કે, જેઓ પોલીસને પછાડવામાં સફળ રહ્યા. તેમની હોશિયારી નિ:શંક હતી. પરંતુ સત્યાગ્રહ હોશિયારી કરતાં વધારે છે. ગુપ્તતા પોતાને ગરિમાથી દૂર લઈ જાય છે. સત્યાગ્રહીઓ પાસે ગુપ્ત પુસ્તકો અથવા ગુપ્તધન હોવાનું કોઈ કારણ નથી. મને ખબર છે કે, મારા અભિપ્રાયને ઘણા સહકાર્યકરોમાં તરફેણ મળી નથી. પરંતુ મેં તેને બદલવાનું કોઈ કારણ જોયું નથી. હું માનું છું કે હું પહેલાં નરમ હતો. અનુભવે મને શીખવ્યું છે કે મારે દ્રઢ રહેવું જોઇતું હતું.'

હરીજનમાં ગાંધીજી દ્વારા ગુપ્તતા, ખુલ્લી અને સીધી વાતચીત, મુક્ત પ્રેસ અને સાર્વજનિક ચર્ચાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આમાંથી પ્રત્યેક વિષયને ખુલ્લાપણાના મોટા વિચાર સાથે સંબંધિત કહેવામાં આવ્યો હતો. કેટલીયે જગ્યાએ ગાંધીજી દ્વારા ગાંધી-ઝીણા વાતચીતમાં ખુલ્લાપણાની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

તેમની વાતચીત દરમિયાન ગાંધીજીએ ઝીણાને એક પત્ર લખ્યો હતો. જે ખુલ્લાપણાના વિશે ગાંધીજીના વિચારોની વિશેષતાઓ દર્શાવતો હતો. ગાંધીજીનું માનવું હતું કે, બધા પક્ષોએ જનતાના વિચારોને માનવા અને શાંતિ જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ગાંધીજીએ ઝીણાને લખેલા એક અન્ય પત્રમાં તેમણે ઝીણાને આગ્રહ કર્યો હતો કે, તેમને મુસ્લિમ પરિષદમાં એકવાર લઈ જવામાં આવે અને તેમને પરિષદને સંબોધવાનો મોકો આપવામાં આવે. જો પરિષદ આ માંગણીને નકારી કાઢે તો, ગાંધીજીએ પ્રસ્તાવ મૂક્યો કે, પરિષદ લીગના ખુલ્લાસત્ર પહેલાં દરખાસ્ત મૂકશે. આ સંદર્ભમાં, મુસ્લિમ લીગનો ઉલ્લેખ કરે છે, તે ઝીણાને પ્રભાવિત કરી શકે છે. ગાંધીજીનું માનવું હતું કે, તેમના પ્રસ્તાવે સાર્વજનિક ચર્ચાની વકાલત કરી હતી અનેઝીણાને આગ્રહ કર્યો હતો કે, તેઓ તેમને લીગના ખુલ્લા સત્રમાં એકવાર મોકો આપે.

ગાંધીજીને એ ડર હતો કે, પરિષદના પ્રસ્તાવને લેવાનો ઈનકાર કરીને ઝીણા તેમના પ્રસ્તાવને ઉડાડી મૂકશે. તેમને એ પણ ડર હતો કે, પરિષદ તેમના પ્રસ્તાવનો અસ્વીકાર કરશે. જો પરિષદે પ્રસ્તાવનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો તો ગાંધીજી મુસ્લિમ લીગમાં જવા માટેનો પ્રસ્તાવ ઇચ્છતા હતા. ગાંધીજી ડગલેને પગલે પરિષદ અથવા લીગની સાથે સાર્વજનિક ચર્ચા કરવા માટે પરિષદમાં જવા ઇચ્છતા હતા. ગાંધીજીનું પ્રત્યેક ડગલું તેમના પ્રસ્તાવને ખુલ્લી ચર્ચાના પ્રસંગને વ્યાપક બનાવવા માટેનું હતું. આ ઉદાહરણમાં ગાંધીજીએ તે લોકોના મોટા અને મોટા સમૂહોસામેલ કરવાની માગણી કરી કે, જેમણે વિભાજન વિશે નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લેવા માટેનો અવસર મળવાનો હતો. ગાંધીજી છેલ્લા સુધી એવું માનતા હતા કે, આ મુદ્દા પર જનતાએ નિર્ણય કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે 'જનતાનું એ કર્તવ્ય છે કે, તે સ્થિતિને સમજે અને અમારા પર તેમનાં મંતવ્યોનું દબાણ લાવે.'

ગાંધીજીની ચર્ચાઓમાં ખુલ્લાંપણું જોવા મળતું હતું. આ તેમના અહિંસક પ્રત્યાયનની એક વિશેષતા છે. ગાંધીજી માટે ખુલ્લાપણામાં મુક્ત પ્રવચનો, પ્રેસ, સાર્વજનિક ચર્ચા અને સીધી વાતચીત જેવા પ્રત્યાયનનાં રૂપો સામેલ હતાં. ગાંધીજીની ગુપ્તતા પ્રત્યેપણ અરૂચિ હતી. ગાંધીજીના ખુલ્લાપણાનાં મૂળિયામાં સંવાદની ઈચ્છા હતી અને સાથે સાથે એ પણ ધારણા હતી કે, પ્રત્યાયનની વાહિકાઓ ખુલ્લી રહેવી જોઈએ. તેમણે આ અધ્યયન માટે પસંદ કરેલ સાહિત્યમાં ખુલ્લાપણાના વિષયનો સતત અને વારંવાર ઉલ્લેખ કર્યો હતો.

આ અધ્યયન માટે પસંદ કરવામાં આવેલ સાહિત્યમાં ગાંધીજી દ્વારા ઉલ્લેખિત એક અન્ય વિષય લચીલાપણું હતો. આ તેમના પ્રત્યાયનમાં અહિંસાને પૂર્ણ કરવા માટે એક બીજી વ્યૂહરચના છે.

**<u>લચીલાપણું</u>**

લચીલાપણું ગાંધીજીની ઇચ્છા અથવા બદલાવની ઇચ્છામાં જોવા મળ્યું હતું. તેને ગાંધીજી એક સામાજિક વાસ્તવિકતા બનાવવા ઇચ્છતા હતા અથવા મુખરીત દલીલો દ્વારા સમજાવવા ઇચ્છતા હતા. લચીલી વાતચીતની સ્થિતિ અપનાવવાથી વ્યક્તિઓની વધવાની અને બદલાવની સંભાવના વધારે વધી જાય છે. વિકાસ અને પરિવર્તન મનુષ્યોની શોધ, રૂપ અને પ્રતિકોના ઉપયોગના માધ્યમ થકી અવધારણાઓ અને વિચારોને શુદ્ધ કરવાના સંદર્ભમાં આવે છે. 'સત્ય, અહિંસા અને આત્મપીડાની શોધ કરવાનો પ્રયાસ વાતચીતના માધ્યમથી, સંવાદના માધ્યમથી અને જુદા જુદા પ્રકારનાં પ્રતીકાત્મક કાર્યોના માધ્યમથી કરવામાં આવે છે.' જો લોકો અહિંસક વ્યવહાર કરે છે અને પ્રવચનો આપે છે તો એ પ્રકારે ગાંધીજીના ઉપદેશોનું અનુસરણ કરે છે અને તેમાં પ્રવચનો અને લચીલાગુણોને સમાવી લે છે. સંઘર્ષની સ્થિતિમાં પ્રકટ થવાવાળા આવા ગુણો ઉત્પાદક સંઘર્ષની સ્થિતિ લાવી શકે છે. ગાંધીજીએ આમહત્વને ઓળખ્યું હતુ. સત્યાગ્રહમાં અને કેટલાય અન્ય પ્રસંગોમાં લચીલાપણું મહત્વપૂર્ણ હતું.

ગાંધીજીએ પોતાને વૈજ્ઞાનિકની જેમ દર્શાવ્યા હતા. તેમણે પોતાના નિષ્કર્ષ વિશે અંતિમતાનો દાવો કર્યો નથી, પરંતુ કહ્યું હતું કે, તેઓ પોતાના નિષ્કર્ષોના સંબંધમાં અચુકથી દૂર હતા. સત્યો જે સાપેક્ષ હતાં તે તેમનાં પ્રકાશ અને ઢાલ હતાં. ગાંધીજીએ લખ્યું હતું કે, મેં પહેલાં ક્યારેય નથી કહ્યું કે, મેં શું કહ્યું છે. મારો હેતુ કોઈ આપેલા પ્રશ્ન પર મારા પાછલા નિવેદનોને અનુરૂપ થવાનો નથી, પરંતુ સત્યને અનુરૂપ થવાનો છે કેમકે, આ એક નિશ્ચિત સમયમાંજ મારી સામે આવી શકે છે. તેનું પરિણામ એ આવ્યું કે હું સત્યથી સત્યની તરફ વધ્યો છું.

ગાંધીજી અનુસાર જોઈએ તો સત્ય બદલાતુ રહે છેઅને તેમનું પ્રત્યાયન તે પરિવર્તનોને સમાવતું જોવા મળે છે. ઓછામાં ઓછું તેમના પોતાના વિશ્લેષણ દ્વારા તેમના વિચારોની લચીલી પ્રકૃતિ વિશેના સંકેતો સરળતાથી ના પાડે છે. જેમ કે, તેમની ઉપર અસંગતીના આરોપો હતા. કેમ કે, સત્ય બદલાઈ ગયું હતું. ગાંધીજીનું માનવું હતું કે, તેમને ન્યાય કરવાની અનુમતિ આપવી જોઈએ આપવામાં આવેલા સંજોગો અને સ્થિતિના સમાયોજન માટે, પછી ભલેને સમાયોજન સત્યાગ્રહ અભિયાન દરમિયાન માંગણીઓને ઓછી કરવા માટે કહેવામાં આવે.સત્યાગ્રહનો અભ્યાસ કર્યાના લગભગ ત્રીસ વર્ષ પછી ગાંધીજીએ લખ્યું હતું કે '....સત્યાગ્રહના સિદ્ધાંતો, જેમ કે હું જાણું છું કે આજે આ ક્રમિક વિકાસ છે.'સામાજિક પરિવર્તન લાવવા માટે તેમની પ્રવિધિઓ ક્યારે પણ બદલાઈ રહી હતી, હંમેશા બનવાની પ્રક્રિયામાં હતી, અને હંમેશ માટે હતી કે તેઓ શું હતી અને શું બની ગઈ?

ગાંધીજીએ વાતે પણ ચિંતિત હતા કે, લચીલાપણાનો અવળો મતલબ કોઈના વિરોધથી કઈ રીતે હોઈ શકે? એકવાર, જ્યારે મેં ધાર્મિક સત્યાગ્રહીઓને સલાહ આપી કે તેમને સમજ આપવામાં આવે કે, 'તેમને ધાર્મિક વિશ્વાસો અને તે લોકોની સંવેદનશીલતા માટે સરખોઆદર

અને સન્માન છે' કે જેમની પાસે જુદી-જુદી માન્યતાઓ છે કેમકે, ગાંધીજીના પ્રત્યે એક સાંકળા દ્રષ્ટિકોણની શક્યતા છે' .....પ્રતિદ્વંદીમાં કેટલીય બધી.

કેટલાય મહત્વપૂર્ણ લાભ એક લચીલા પ્રત્યાયનના પરિણામ સ્વરૂપે થઇ શકે છે, જેમાંથી એક શોધ છે. સત્યાગ્રહ અભિયાનનું પાલન કરતી વખતે, હઠધર્મીતાના સંદર્ભમાં એક ખુલ્લી શોધનો માર્ગ સત્યાગ્રહ પ્રશસ્થ કરે છે. હેતુ, પ્રસ્તાવોના દાવાઓ કરવાનો નથી પરંતુ, સંભાવનાઓ પેદા કરવાનો છે. વિરોધી વિચારોને પારસ્પરિક રૂપે સહમત અને અસહમત થયેલા સમાધાનના રૂપમાં નવી પરિસ્થિતિ વિશે સહમત કરવાનો ઇરાદો છે. જો કોઈ વ્યક્તિએ સત્યાગ્રહ કર્યા છે તો તેના વિચારોને સમાયોજિત કરવા આવશ્યક છે. અન્ય લોકોએ 'પોતાની સ્થિતિની શુદ્ધતાને દર્શાવવા માટે આમંત્રિત કરીને'વિચારો સમાયોજિત કરવાનું પૂર્ણ કરી શકાય. ગાંધીજીએ પોતાના જીવનનો એક મોટો ભાગ વાતચીતને પરિષ્કૃત કરવામાં પસાર કર્યો હતો અને તેમણે સત્યાગ્રહના સમયમાં પોતાની પ્રભાવશાળીતાને વધારી.'આને જીવિત સિદ્ધાંતોના કારણે જડ સ્થિતિમાં સારાંશીત ન કરી શકાય.'

ગાંધીજીના પ્રત્યાનની પ્રવાહી અને ગતિશીલ પ્રકૃતિએ અસંગતતાના સંકેતો પ્રકટ કર્યા હતા. તેમણે જોર દઈને કહ્યું હતું કે, તેમનું લક્ષ્ય પાછલા વિચારોને અનુરૂપ ન હતું, પરંતુ એ હતું કે, તેમનું લક્ષ્ય સત્યને અનુરૂપ હોવું જોઈએ કેમકે તે પરિવર્તિત થઈ શકે છે. લચીલાપણાને ગાંધીજીના અહિંસક પ્રત્યાયનનો એક અન્ય એકમ માનવામાં આવે છે, જેઆ અધ્યયન માટે પસંદ કરેલ સાહિત્યમાંથી પ્રકટ થાય છે.અન્યના દાવાઓની સંવેદનશીલતા સંભવિત સમાધાન અને વધુ જાહેર ચર્ચામાં પરિણમશે.

સત્યની શોધ એવા લોકો માટે ખુલ્લી છે કે, જેઓ ગંભીરતાપૂર્વક તેને અનુસરે છે અને'ત્યાં જાહેર ચર્ચાઓ પુનર્જીવિત થશે.'ઝુંબેશ દરમિયાન જે સંઘર્ષના ઠરાવો લાવવાનો ઈરાદો હતો, લોકોએ સ્વીકારવું જોઇએ સુગમતા અને સમાધાનની ભાવના વિવાદ માટે ફાયદાકારક હોઈ શકે છે.

ગાંધીજી માટે, એક લચીલા પ્રત્યાયનનો મતલબ એ નહોતો કે લોકો સ્વતંત્રપણે અને સ્વેચ્છાએ પોતાની સ્થિતિઓ સાથે સમાધાન કરે. ગાંધીજીએ લોકોને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે,તેઓ લચીલાપણા વિશે આ પ્રકારનો ખોટો દૃષ્ટિકોણ રાખ્યો હતો. એક પ્રસંગે, એક લેખકે ગાંધીજીને પૂછ્યું કે શું અહિંસક કાર્યકર્તાઓએ માંગણી ઓછી કરવી જોઈએ, અને જો હા તો કેટલી ? આ પ્રશ્નના ઉત્તરે ગાંધીજીના દૃઢ વિશ્વાસને પ્રકટ કર્યો હતો કે, લચીલાપણું કમજોરીની સ્થિતિમાંથી આવતું નથી. તેમણે જણાવ્યું હતું કે એક લક્ષ્યની દિશામાં ઝડપથી પ્રગતિ કરવા માટે તાત્કાલિક માંગણીઓને ઓછી કરી શકાય. તેમણે જણાવ્યું હતું કે, એક સ્થિતિને ઓછી કરવી કમજોરીની બહારનું ન હતું, પરંતુ સ્થાનીય સ્થિતિ અને ક્ષમતાની પ્રશંસાની સાથે કરવામાં આવ્યું હતું.... આની સાથે સાથે સામનો કરવા માટે....'એક શ્રમિક સંઘર્ષના સંદર્ભમાં, ગાંધીજીએ આગળ જણાવ્યું હતું કે, કેટલીક ઘટનાઓમાં સૌથી ઓછી માગણીની સ્થિતિમાં કંઇ પણ ઓછું થતું નથી.' કોઈ જગ્યા નથી ...... કંઈ પણ ઓછું કરવા માટે.

એક અન્ય પ્રસંગે ગાંધીજીએ એક સંઘર્ષની સ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં અહિંસક કાર્યો કરવાવાળાઓએ કામચલાઉ સવિનય અવજ્ઞાના ઉપયોગને ટાળવાનું નક્કી કર્યું હતું. એમણે કામ ચલાઉ અહિંસક કાર્યોનો ઉપયોગ ટાળવાની વાતને સમર્થન આપ્યું.જેમાં નિહિત હતું

કે, અહિંસક કાર્યોનો ઉપયોગ ટાળવામાં અંતરને ઓછું કરવાનો પ્રભાવ હોઈ શકે છેઅને વાચકોને યાદ દેવડાવ્યું કે,આપણો ઉદ્દેશ્ય અવશ્ય રહેવો જોઈએ, પરંતુ આ પૂર્ણપણે ઓછામાં ઓછું ત્યાં સુધી વાતચીત માટે તૈયાર રહેવું જોઈએ કે જ્યાં સુધી આ અસ્વાભાવિકપણે ન હોય. તે પ્રમાણે આમાં વધારે ફેલાવવાની સંભાવના રહેલી છે. ગાંધીજી અને અન્ય લોકોની વચ્ચે વધારાના પ્રત્યાયનના આદાનપ્રદાનના એક જ બિંદુનું પ્રદર્શન કર્યું છે. પરંતુ આ પ્રમાણેની કમી કમજોર સ્થિતિ વડેન કરવી જોઈએ, ન લક્ષ્યની સાથે સમાધાન કરવું જોઈએ.

ગાંધીજીએ આરંભિક સંમેલનો અને સોદાબાજીના મહત્વ વિશે પોતાના વિચારોમાં લચીલાપણાનો વિષય વિકસિત કર્યો હતો.જે વાતાવરણ કે સંઘર્ષની સ્થિતિને અને લચીલા થવાના પ્રભાવોને ઘેરી શકે છે. ધ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના એક પ્રતિનિધિ સાથેની મુલાકાતમાં ગાંધીજીએ મતભેદોને ઉકેલવા માટે એક પ્રક્રિયાત્મક ચિંતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પ્રારંભિક પ્રસ્તાવોને બનાવવા અને વિચાર કરવા માટે મતવિસ્તારોના પ્રતિનિધિઓની મુલાકાત લઇ શકાય. આમ થતાં સભ્યો પોતાના મતભેદોને સમાયોજિત કરી શકે. પ્રારંભિક સંમેલનોને આ પ્રકારે તકના રૂપમાં જોઇ શકાય કે જ્યાં સમાધાન માટે નિયમોની સ્થાપના કરી શકાય.

ગાંધીજીએ એ પણ દર્શાવ્યું હતું કે, ચારેબાજુથી ઘેરાયેલી સંઘર્ષની સ્થિતિમાં લચીલાપણું કેવી અસર પહોંચાડી શકે છે. ગાંધીજીએ સૂચવ્યું હતું કે, પોતાની માગણીઓને ઓછી કરોઅને પોતાની શક્તિને અહિંસક વાતાવરણ ઉત્પાદન નિર્માણમાં લગાવો. ગાંધીજીએ લચીલાપણાના પ્રભાવ વિશે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે..... મારે તૈયાર થવું જોઈએ અને વાસ્તવમાં એક ઇંચ આપવા માટે કહેવામાં આવે છે. વિરોધીઓ પાસેથી જેટલું તેમણે માગ્યું તેના કરતાં ગાંધીજીએ તેમણે વધારે આપ્યું. જે કેટલાક અસાધારણ પ્રભાવ પાડી શકે છે. કોઈ સ્થિતિના અનાવશ્યક પહેલું અને ઉપજાવવાના પ્રભાવોથી બીજાઓને અજીબ અને સુખદ અનુભૂતિ થઈ શકે છે અને તેઓ ભ્રમિત થઈ શકે છે તથા એ જાણી નહીં શકે કે મારી સાથે શું કરવાનું છે?

લચીલાપણું સંઘર્ષની આસપાસના વાતાવરણને કઈ રીતે પ્રભાવિત કરે છે અને પ્રારંભિક સભાઓની પ્રતિક્રિયાત્મક પ્રક્રિયા અને પ્રત્યેકનું મૂલ્ય કરવુ લચીલાપણાનું એક મહત્વપૂર્ણ પાસું માની શકાય. અહિંસાના લચીલાપણાની ગુણવત્તા ગાંધીજીના કેટલાક આલોચકોને ચિંતિત કરતી હતી. ખાસ કરીને ત્યારે કે જ્યારે લચીલાપણું અને અહિંસાને શાસન માટે અમલમાં મુકવામાં આવ્યાં હોય. કેમકે, ભારતમાં નિરંકુશ પદ્ધતિઓ દ્વારા સદીઓ સુધી શાસન કરવામાં આવ્યું હતું.

કેટલાક લોકોએ ગાંધીજીને એ જણાવવા માટે પ્રેરિત કર્યા હતા કે, અહિંસા આધારિત સરકાર કેવી હોય? તેમનો ઉત્તર એ હતો કે તેમણે જાણી જોઈને આ પ્રશ્નની અનદેખી કરી હતી. તેમાંય ખાસ કરીને એ જાણવાનો પ્રયત્ન કે અહિંસા પર આધારિત સમાજ કેવો લાગશે? ગાંધીજીએ આ વિશે જણાવ્યું હતું કે,‘હું પહેલાંથી નહીં કહી શકું કે અહિંસા પર આધારિત સરકાર કેવી હશે.' ગાંધીજીનો વિચાર હતો કે, 'શાસન હોવું જોઈએ એ વિચાર સાથે કે તેમાં લચીલી શાસન પ્રથાઓ હોય.’

પોતાના વાચકો સાથેના વિચાર વિનિમયમાં ગાંધીજીએ અહિંસાના લચીલાપણાના ગુણો વિશે જણાવતાં લખ્યું હતું કે,‘હું વિકસી રહ્યો છું.’ સ્થિતિજન્ય પ્રભાવ વિશે ગાંધીજીની

ધારણાઓએ તેમને એ નિષ્કર્ષ પર પહોંચાડ્યા હતા કે, નાગરિક અવજ્ઞાનો વિકાસ કરવાનો હતો. ગાંધીજીનું માનવું હતું કે, તેમના નેતૃત્વમાં એક સત્યાગ્રહ અભિયાન, તેની આસપાસની સ્થિતિઓ દ્વારા આકાર લેશે: 'આ કેવો આકાર લેશે, ક્યારે આવશે, મને ખબર નથી... મને ખબર નથી કે હું આપને કેવી રીતે લઈ જઈશ, કયાં કાર્યો હું આપની સામે રાખીશ.' પૂર્વવર્તી વિચારો ગાંધીજીની અનિશ્ચિતતાનો સામનો કરવાની સ્પષ્ટ ક્ષમતાના પ્રતિબિંબ છે. તેઓ મનમાં એક વિશિષ્ટ યોજના વગર એક કાર્યારંભ માટે તૈયાર દેખાયા. પાછલી બે પસંદગીઓમાંથી બનાવવામાં આવનાર એક બિંદુ એ છે કે ભલે તેમના વિચારો સરકાર માટે અમલમાં મુકવામાં આવ્યા હોય, એક અભિયાન માટે અથવા એક વ્યક્તિ માટે. ગાંધીજીનું અહિંસક પ્રત્યાયન લચીલું હતું. કેટલાક લોકોએ ગાંધીજીને સંકેત આપ્યો કે તેઓ અસંગત છે. આ પ્રમાણેની ફરિયાદો લચીલાપણાના મહત્વને સમજવામાં અસમર્થ હોઇ શકે છે.

ગાંધીજીની એ માન્યતા હતી કે, સત્ય બદલાઈ ગયું છે. આ માન્યતા તેમને ધાર્મિક દસ્તાવેજોના વિશ્લેષણમાં જોવા મળી હતી તેના આધારે આપી હતી.મુસ્લિમ વિશ્વવિદ્યાલયના એક સંશોધક અલીગઢે આરોપ લગાવ્યો હતો કે, ગાંધીજીએ પહેલાં કુરાનની ખોટી વ્યાખ્યા કરી હતી. અલીગઢના દાવાઓ હતા કે, મુસલમાનોને કુરાનની હિન્દુ વ્યાખ્યાની જરૂર નથી. મુસલમાનો તેર સદીઓથી કુરાનની વ્યાખ્યા કરતારહ્યા છે. ગાંધીજીએ પોતાની ઇચ્છાનુસાર વ્યાખ્યાઓમાં વળગી રહેવું જોઈએ નહીં. વ્યાખ્યાની એક ભૂલ જે પેઢીઓને સોંપવામાં આવી છે તે પુનરાવૃત્તિના કારણે ભૂલ નથી. ગાંધીજીએ આનું કારણ આપતાં જણાવ્યું હતું કે,'આ એક ખરાબ દિવસ હશે જો ધાર્મિક પુસ્તકોને વાંચવા અને તેમની વ્યાખ્યા કરવી તે લોકો સુધી સિમિત રહેશે કે જેઓ ખાસ ધાર્મિક લેબલ લગાવે છે. કોઈનો સત્યપર એકાધિકાર નથી. અપૂર્ણ માનવો દ્વારા દર્શાવવામાં આવેલાં તમામ સત્યો આપણા સાપેક્ષ છે.' એ સૂચન આપીને કે, કુરાન કેટલાય પ્રકારની વ્યાખ્યાઓ માટે ખુલ્લું છે, ગાંધીજીએ કહ્યું હતું કે એક લચીલું વલણ એક નિરંકુશ વલણની તુલનામાં વધારે વ્યાવહારિક છે. ગાંધીજીનું માનવું હતું કે, સત્ય સાપેક્ષ છે અને આ પ્રકારનો અભિગમ સ્વીકાર્ય હતો. પછી ભલેને તે કોઈ ધાર્મિક દસ્તાવેજની વ્યાખ્યા કરી રહ્યો હોય અથવા એક બેઠકમાં ભાગ લઈ રહ્યો હોય કે જેમાં મતોનું અંતર મોજુદ હોય.

હરીજનના એક બિંદુ પર ગાંધીજીએ જોહનિસબર્ગમાં પોતાના શરૂઆતી દિવસોના એક પ્રકરણને યાદ કર્યું હતું, જેમાં લચીલાપણું કેન્દ્રમાં હતું: હું કોઈપણ પ્રકારના પૂર્વ સંકલ્પ વગર બેઠકમાં ગયો હતો. આ બેઠકમાં પેદા થયું હતું. તેનો અત્યારે પણ વિસ્તાર થઈ રહ્યો છે..... અહિંસા ધીમા વિકાસનો છોડછે. તે અસ્પષ્ટતાપૂર્વક પરંતુ ચોક્કસ વધે છે. લચીલાપણાની રચનાત્મક સંભાવનાઓને ગાંધીજીએ વારંવાર અમર્યાદિત ગણાવી હતી. સ્થિતિમાં, સ્થિતિ પછી ગાંધીજીની અન્યપક્ષો સાથે મુલાકાત કરવા અને નિરંકુશ સ્થિતિ લેવામાં દૂર રહેવાની ઈચ્છાથી એ જાણી શકાય છે કે એક લચીલા પ્રત્યાયન વલણ માટે તેઓ પ્રતિબદ્ધ હતા. આનો અર્થ એ નથી કે ગાંધીજીએ વિચાર્યું હતું કે તેમની વ્યૂહરચના તમામ સ્થિતિઓમાં તમામ લોકો માટે વ્યાવહારિક હતી. પરંતુ આ ગાંધીજીની સૂચનો આપવાની પદ્ધતિ હોઈ શકે છે કે વ્યવહારિક સત્યનું સહનિર્માણ ઇચ્છનીય હતું.તેમનું માનવું હતું કે, સ્થિતિઓએ પરિવર્તનના અભિયાનોને પ્રભાવિત કર્યા છે. ગાંધીજીનું લચીલું વલણ તે હતું કે જેણે પરિવર્તન, સર્જન, શોધ અને આવિષ્કારોને પ્રોત્સાહિત કર્યા હતા. તે આ વિચાર માટે સમર્પિત હતા કે, આસપાસની વાતચીતમાં

સ્થિતિજન્ય પ્રભાવો લોકોના મગજની બદલવાની આવશ્યકતાને પ્રેરિત કરી શકે છે. ગાંધીજીએ ક્યારેય ક્યારેક તેમના વિરોધીઓને કહ્યું હતું કે મને આશા છે કે તેઓ પોતાનું મન બદલશે અને તેમની ચર્ચાઓના નમૂના (ગાંધી-ઝીણા વાતચીતમાં જોવા મળ્યા હતા) આ દ્રષ્ટિકોણની પુષ્ટિ કરશે.

ગાંધી અને ઝીણાની વાતચીતમાં પરિવર્તન અને લચીલાપણાની જેટલી ઈચ્છા જોવા મળે છે તેટલી અન્ય સ્ત્રોતોમાં જોવા મળતી નથી. વિભાજન અને સ્વતંત્રતાનો અતૂટ સંબંધ હતો. ગાંધીજી વિભાજનના ભારે વિરોધી હતા, જ્યારે સ્વતંત્રતાના પક્ષધર હતા. તેમ છતાં ગાંધી-ઝીણા વાતચીતમાં એવા નમૂનાઓ મળી આવે છે કે તેઓ વિભાજનના પ્રશ્ન પર પોતાના મનને બદલવા માટે તૈયાર હતા.

તેમણે ઝીણા સાથેના પત્ર વ્યવહારમાં પાકિસ્તાન માટે વચગાળાની સરકારની સંભવિત રચના જેવા મુદ્દાઓને ઉકેલવાની શરૂઆત કરી હતી. જો પાકિસ્તાનની રચના કરવાની થાય તો એક પ્રશ્નએ થતો હતો કે પાકિસ્તાન પર શાસન કોણ કરશે? ગાંધીજીએ ઝીણાને સૂચન કર્યું હતુ કે, 'કોઈપણ વચગાળાની સરકાર કે જે આત્મવિશ્વાસને પ્રેરી શકે. તેણે તમામ પક્ષોનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ.' તેમણે આગળ જણાવ્યું હતું કે, 'જ્યારે તે ક્ષણ આવશે તો મને કોઈ અધિકૃત વ્યક્તિ દ્વારા બદલી નાખવામાં આવશે. તેમ છતાં આપ મને કાયમ આપની ગોદમાં રાખશો અને જ્યારે આપે મને, અથવા મેં આપને પરિવર્તિત કરી નાખ્યા છે અથવા અંદરોઅંદરની વાતચીતમાં આપણે બે શરીર છીએ, તો પણ એક મને કામ કરી રહ્યા છીએ.' આ વિધાનોમાં સ્પષ્ટ છે કે,ગાંધીજી પરિવર્તન માટે તૈયાર હતા. તેમના આગમનથી, જો પાકિસ્તાન રચાય છે તો તેમાં એવી કામચલાઉ સરકારની રચના કરવામાં આવે કે જેમાં તમામ પક્ષોનું પ્રતિનિધિત્વ હોય. ગાંધીજીએ સ્પષ્ટપણે એસંભાવના માટે સહમતી આપી હતી કે, પાકિસ્તાન એક વાસ્તવિકતા બની જશે. ગાંધીજીએ સૂચન પણ કર્યું હતું કે, તેઓ અત્યારે પણ ઝીણાનું પરિવર્તન કરી શકે છે.

આજ પત્રવ્યવહારમાં ગાંધીજીની એક ચર્ચામાં લચીલા વલણોનો એક અન્ય નમૂનો જોવા મળે છે. આ પત્ર વ્યવહારમાં ગાંધીજી અને ઝીણા પરિભાષાના પ્રશ્નોનો ઉકેલ લાવ્યા હતા. પૂર્ણ બહુમતીના ઉદાહરણમાં તેમને પરિભાષિત કરવામાં કઠિનતાનો અનુભવ થયો હતો. સંદર્ભ એ હતો કે નવરચિત પાકિસ્તાનમાં હિંદુ અને મુસલમાન કઈ રીતે પ્રભાવિત થશે? આ બાબત નક્કી કરશે કે પાકિસ્તાન ક્યારે અને કયાં બનાવવામાં આવશે. ગાંધીજીએ જણાવ્યું હતું કે, 'પૂર્ણ બહુમતીની તેમની પરિભાષા કાનૂની સમાનતાને અનુરૂપ હતી, પરંતુ આપ કદાચ એક ત્રીજો અર્થ આપશો અને મને તેને સ્વીકાર કરવા માટે રાજી કરશો.' ગાંધીજીએ વારંવાર કહ્યું હતુ કે, તેમનું મન બદલી શકાય, પછી ભલેને તેમણે સ્વીકાર કર્યો હોય કે આ પ્રકારનું પરિવર્તન ફક્ત દૃઢતાના પરિણામે જ આવી શકે છે.

પાકિસ્તાનનું નિર્માણ કોણ નક્કી કરશે? કંઈ રીતે નિર્ણય લેવાશે? અને પાકિસ્તાન ક્યાં અને ક્યારે બનાવવામાં આવશે? આ બધા મુદ્દાઓ ચિંતાનો વિષય હતા. ગાંધીજીએ કહ્યું હતું કે, મારા વિચાર પ્રમાણે આ ક્ષેત્રના તમામ લોકોએ વિભાજનના મુદ્દા પર પોતાના વિચારો વ્યક્ત કરવા જોઈએ. પુખ્તવયનાઓને મતાધિકાર આ બાબતે સારો ઉપાય છે, પરંતુ હું આ બાબતે આને સમકક્ષ એક અન્ય ઉપાય સ્વીકારીશ. ગાંધીજીની ચર્ચા-વિચારણાઓએ ઝીણા અને સાથે

અન્યોને ખુશ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. એક બિંદુ પર ગાંધીજીએ કહ્યું હતું કે,'મારી પાસે.... એક વિચાર છે. જો આપણે સહમતી પર આવી ગયા છીએ તો, મને આશા છે કે આપણને માર્ગદર્શન આપવા અથવા આપણી વચ્ચે મધ્યસ્થતા કરવા માટે એક ત્રીજા પક્ષને અથવા પાર્ટીને બોલાવવી જોઈએ.'ગાંધી-ઝીણા વાતચીતમાં જોવા મળેલા પરિવર્તનને સ્વીકારવા માટેની ગાંધીજીની ઈચ્છાના મહત્વપૂર્ણ ઉદાહરણોમાંથી એક, ગાંધીજીની ચર્ચા-વિચારણાઓમાંથી આર્વીભાવિત તેમની ઇચ્છામાં નિરાશાની ભાવનાઓને દર્શાવે છે. એક પત્ર કે જેમાં ગાંધીજી સમજૂતીકરવા તત્પર હતા. તેમણે આ વિશે જણાવ્યું હતું કે, સીમાંકિત ક્ષેત્રોના નિવાસીઓની ઇચ્છાઓની જાણકારી તે ક્ષેત્રોની પુખ્તવયની વસ્તીના મતોના માધ્યમથી અથવા કોઇ સમકક્ષ પદ્ધતિ વડે મેળવવી જોઈએ. જો મત, વિભાજનના પક્ષમાં હોય તો એ વાત પર સહમતી થશે કે, આ ક્ષેત્ર એક સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કરે છે. જેટલું સંભવી શકે તેટલું ભારત વિદેશી વર્ચસ્વમાંથી મુક્ત થાય અને તદ્અનુસાર બે સાર્વભૌમિક સ્વતંત્ર દેશોમાં અસ્તિત્વમાં આવે. સમજૂતી કે જે ગાંધીજીની ઈચ્છાને બદલવાનો વિચાર આપે છે, વાક્યાંશમાં સૌથી વધારે સ્પષ્ટરૂપે ઉપર દર્શાવવામાં આવ્યું છે 'એ સહમતી થશે કે આ ક્ષેત્ર એક અલગ રાજ્ય છે.' ટૂંકમાં, ગાંધીજીએ સ્વીકાર કર્યો હતો કે,તેઓ જુદા જુદા દેશો બનાવવા માટે બાધ્ય હતાઅને તેમણે એવી શક્યતાઓનો સ્વીકાર કરવાની શરૂઆત કરવી જોઈએ.

આ અધ્યયન માટે પસંદ કરવામાં આવેલા સ્રોતોમાં ગાંધીજીની ચર્ચા વિચારણાઓના નમૂનાઓ સતત અને વારંવાર લચીલાપણા સાથે બંધબેસે છે. સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિઓમાં એક લચીલા વાતચીત વલણને ઉત્પાદક ગણવામાં આવે છે. સત્યાગ્રહીઓને ગાંધીજી દ્વારા લોકોને ધાર્મિક દ્રષ્ટિકોણ માટે સમાન સન્માન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિચારોના ટકરાવને નવા અને પરસ્પર સંતોષજનક સમાધાનોના નિર્માણ માટે જવાબદાર ગણવામાં આવ્યા હતા. ગાંધીજીનું લચીલાપણું તેમના વ્યવહારમાં અને સત્યાગ્રહ અભિયાનો વખતે પ્રકટ થયું હતું.લચીલાપણાને કમજોરીના રૂપમાં નહોતું જોવામાં આવ્યું. તેને સ્થિતિને ઓછી કરવા અથવા બદલાવની માંગણીને સામેલ કરવાના રૂપમાં જોવામાં આવ્યું હતું. ગાંધીજીએ ભલામણ કરી હતી કે, ધાર્મિક દસ્તાવેજોની વ્યાખ્યાઓ પરિવર્તનને આધીન હતી. બેઠકો કોઈ પૂર્વ વિચાર વગર શરૂ થઈ શકે છે. ગાંધીજીની ચર્ચા-વિચારણાઓએ ધાર્મિક રૂપાંતરની ઇચ્છાને ઉજાગર કરી હતી.

લચીલાપણું ખુલ્લાપણાની સાથેએક સુસંગત અને પુનરાવર્તિત વિષયના રૂપમાં જોઇ શકાય છે.જે આઅધ્યયન માટે પસંદ કરવામાં આવેલા સ્રોતો પરથી જણાઇ આવે છે. ખુલ્લાપણાને અને લચીલાપણાને ત્રીજા અને ચોથા એકમો તરીકે માની શકાય.જેઓ ગાંધીજીના અહિંસક પ્રત્યાનનું નિર્માણ કરે છે.

## નિષ્કર્ષ

ગાંધીજીએ હિંસક અને અહિંસક પ્રવચનો અને કાર્યોનાં કેટલાય સ્પષ્ટીકરણો અને વિવરણોની રજૂઆત કરી છે. તેમને દ્રઢપણે ઘરેડથી દૂર રહેવાનો આગ્રહ કર્યો છે. મહદંશે ગાંધીજી સિવાય એવા કોઈ પ્રાચીન અથવા સમકાલીન પ્રત્યાયનકારો જોવા મળતા નથીકે, જેમના પ્રત્યાયનમાં અહિંસક પ્રવચનો અને કાર્યો કેન્દ્રમાં હોય. ગાંધીજીના વિચારો, જીવન, કાર્યો

અને અહિંસા પર તેમના વિચારો આ રીતે અહિંસક પ્રત્યાયનમાં ઉલ્લેખનીય યોગદાન પૂરૂં પાડે છે.

ગાંધીજીએ પ્રત્યાયનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે ભવિષ્યવાણી કરી હતી કે, હિંસક પ્રત્યાયન નુકશાનની પરિણતી હશે, જ્યારે અહિંસક પ્રત્યાયનસર્જનની પરિણતી હશે. ગાંધીજી પ્રત્યાયનમાં પોતાનું યોગદાન આપતાં આગળ જણાવે છે કે, અહિંસક પ્રત્યાયન શાંતિપૂર્ણ સંબંધોની જાળવણીમાં અને વ્યક્તિત્વના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ગાંધીજી દ્વારા શાંતિપૂર્ણ સંબંધોની જાળવણી માટે અને વ્યક્તિત્વના સંવર્ધન માટે અહિંસક પ્રત્યાયનને અંત અથવા લક્ષ્યના રૂપમાં આલેખવામાં આવ્યું છે.

ગાંધીજીના અહિંસક પ્રત્યાયનમાં અંતિમોને પ્રાપ્ત કરવાની ભલામણ કરવામાં આવી છે. લચીલાપણા અને ખુલ્લાપણાના ઉપયોગની ભલામણ ગાંધીજી દ્વારા કરવામાં આવી છે. ગાંધીજીએ પોતાના વિચારો, જીવન અને કાર્યો દ્વારા પોતાની અંત:ક્રિયાઓને નિયંત્રિત કરવાની અને પ્રત્યાયન વિનિમય વખતે લચીલાપણાને અને ખુલ્લાપણાને દ્રષ્ટાંતના રૂપમાં અપનાવવાની સતત ભલામણ કરી છે.

ગાંધીજીનાં અહિંસક પ્રત્યાયનને ધાર્મિક સદભાવના સ્થાપવામાં મહત્વપૂર્ણ માની શકાય તેમ છે. આ પ્રકારના ધાર્મિક સોહાર્દને કોઈપણ પ્રકારના પ્રત્યાયનના સંદર્ભમાં વિચારી શકાય. તેમાં આભ્યંતરથી આરંભીને આંતરરાષ્ટ્રીય અને સમૂહ પ્રત્યાયન સુધીનો સમાવેશ થઇ શકે છે. ગાંધીજીના અહિંસક પ્રત્યાયનની વ્યાપક ઉપયોગીતા શાંતિ પ્રવર્તકો માટે ઉપયોગી જણાઈ આવે છે. કેમકે, આપણે પ્રત્યાયનની સ્થિતિઓમાં એક અસિમિત સંખ્યામાં હિંસાના મહત્વ પર ભાર મૂકીએ છીએ.

**સંદર્ભ**

**+BOOKS**

- Gandhi, M. (1951). Satyagrah. Ahmedabad:Navajivan Publishing house.
- Gandhi, M. (1979). The collected work of mahatma gandhi. Ahmadabad: Navjivan Trust.
- Gandhi, M. (1957). An autobiography: The story of my experiments with truth. Translated by Mahadev desai. Boston : Beacon.
- Mehta, V. (1983). Mahatma gandhi and his apostles. England: Penguin Books.
- Pyarelal. (1965). Mahatma gandhi: The last phase, vol,1: Book one. Ahmedabad : Navajivan.

**+ Editing work**

- Iyer,R. (Ed). (1986). The moral and political writing of mahatma gandhi 3 Vols. Oxford: Oxford University Press.

**+Journals**

- Johannsen, R. (1971). The emerging concept of communication as dialogue: Quarterly Journal of Speech, 57, 373-82.
- Naess , A. (No Year). A systemization of gandhi ethics of conflict resolution: Journal of conflict Resolution,2,140-55.
- Nakhre, A. (1976). Meaning of non-violence : A study satyagraha : Attitudes: Journal of Peace Research , 13.

**+ Newspapers**

- Gandhi, M. (1944). Gandhi-Jinnah Talks. The Hindustan Times,38.

**+Magazines**

- Desai, M. (1939,May). The new technique: My laxity. Harijan, 121.
- Desai, M.(1939,May). The Decision and after: Cowardice worse than violence. Harijan, 166.
- Desai, M. (1939,May). Gandhi seva sangh. Harijan,119.
- Desai, M. (1939, May). Heart searching. Harijan, 113.
- Desai, M. (1940,October). Viceroy - Gandhi correspondence. Harijan, 314.
- Desai, M. (1940,April). An important interview. Harijan,105.
- Desai, M.(1939,June). The decision and after: What next ? Harijan, 159.
- Gandhi, M. (1919-1922). Young India.
- Gandhi, M. (1940,July). Question Box: How to cultivate Ahimsa? Harijan, 215.
- Gandhi, M.(1939, March). To the people of rajkot. Harijan, 53.
- Gandhi, M. (1939, October). Causes. Harijan, 320.
- Gandhi, M. (1939, October). Hindu-Muslim unity. Harijan, 296.
- Gandhi, M. (1940, August). Is non-violence impossible? Harijan, 244.
- Gandhi, M. (1940,July). To every briton.Harijan,185.
- Gandhi, M. (1940,August). There is violence in it. Harijan, 229.
- Gandhi, M. (1934,Octomber). Notes : A striking thought. Harijan, 293.
- Gandhi, M. (1940, June). How to combat hitlerism. Harijan, 172.
- Gandhi, M. (1940,June). Not yet. Harijan,148.
- Gandhi,M. (1939,Sptember). Conundrums. Harijan,288.
- Gandhi, M. (1940,July). Both happy and unhappy. Harijan, 180.
- Gandhi, M. (1939,March). Requisite qualification. Harijan, 64.
- Gandhi, M. (1940,September). Gandhi's speech at the A.I.C.C. Harijan, 304.
- Gandhi, M. (1940,October). Fasting in satyagraha. Harijan, 322.
- Gandhi, M. (1940,February). Task before us. Harijan,444.
- Gandhi, M. (1940,October).More about the simla visit. Harijan, 323.
- Gandhi, M. (1939,June). Civil disobedience. Harijan, 329.
- Gandhi, M. (1939, june). New technique in action. Harijan, 153.
- Gandhi, M. (1940, May). An english suggestion: Wanton destruction in bidar. Harijan, 115.
- Gandhi, M. (1940, November).To the reader Harijan,8.
- Gandhi, M. (1939,February). Working of non- violence Harijan, 8.
- Gandhi, M. (1939, july). non-violence V. violence. Harijan, 192.
- Gandhi, M. (1940, September). I wonder. Harijan, 297.
- Gandhi, M. (1940,September). Non-violence of the brave. Harijan, 268.